શ્રી ગણેશાય નમઃ શ્રી હાટકેશામ્બિકાભ્યામ્ નમઃ


# શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈ

રજિ.ઓ : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ, ગ્રાન્ટરોડ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૦૭.

Website : www. shrivadnagaranagar.org


# નાગર મંજૂષા

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ)


ફેબ્રુઆરી ૨૦૧૬






FOR PRIVATE CIRCULATION ONLY



# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧) | તંત્રી સ્થાનેથી | ૧ |
| ૨) | બીઈંગ વુમન | ૨ |
| ૩) | ૭૯ વર્ષનાં સ્વિમર, સાઈકલિસ્ટ ! | ૪ |
| ૪) | ઓઝોન થેરેપી | ૬ |
| ૫) | ખુમારી | ૮ |
| ૬) | કહાની ક્રિષ્ના કી | ૧૦ |
| ૭) | રોતાં ઝરણાંની આંખ | ૧૩ |
| ૮) | મામા શકુનિ | ૨૧ |
| ૯) | સજા | ૨૩ |
| ૧૦) | નવા પૉશ ફ્લૅટનું સ્વપ્ન | ૨૫ |
| ૧૧) | કાવ્યો | ૨૮ |
| ૧૨) | માઁ તુઝે સલામ | ૨૯ |
| ૧૩) | નવયુગની નારી | ૩૧ |

# તંત્રી સ્થાનેથી

ઈસુનુ નવું વર્ષ ૨૦૧૬ શરૂ થયાને બે મહિના ? વીતી ચૂક્યા છે. આ નવું વર્ષ આપ સહુને મંગળકારી નીવડે એ જ શુભેચ્છા. અલબત્ત થોડી મોડી છે પરંતુ હૃદયપૂર્વકની છે એટલું ચોક્કસ.

વીતેલા વર્ષ દરમ્યાન આપ સહુ સાથે યેનકેન પ્રકારેણ સંપર્ક થતો રહ્યો છે. શ્રી હાટકેશ પાટોત્સવ, શરદોત્સવ, દિવાળી-નૂતનવર્ષ સ્નેહમિલન કે અન્ય પ્રવૃત્તિમાં આપ સર્વ સાથેની ઉજવણી ખરેખર બહુમૂલ્ય ગણાવી શકાય. ગત વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી મંડળની કારોબારી સમિતિ સદૈવ આપના અનુભવ સંભારણારૂપ / સુખદ બની રહે એ માટે સતત પ્રયત્નશીલ રહેશે.

શ્રી મંડળ રૂપી ઘેઘૂર વડલાની એક ડાળખી એટલે નાગર મંજૂષા. આ સામાયિક દ્વારા અમે સતત આપના લેખક/કવિ તરીકેના પાસાને ઉજાગર કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આ અંક સ્ત્રી શક્તિને સમર્પિત કરતાં અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. નાગરો કલમ, કડછી અને બરછી વડે જાણીતા છે. આપણાં કેટલાંય નાગરબંધુ-ભગિની સારું લખવા સક્ષમ છે પરંતુ તેમની લાગણી કલમ દ્વારા વ્યક્ત કરી શકતાં નથી. આપ સહુને માટે જ અમે મંજૂષા નાં દ્વાર ઉઘાડાં રાખ્યાં છે... આવો, અમ સહુને તમારી પ્રતીક્ષા છે.

નેહા યાજ્ઞિક

---

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઈચ્છો છો ? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.

૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી.

૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.

૪. કૃતિ મોકલવાનું સરનામું :

**સુહાની દીક્ષિત**

સી-૧/૭૦૩, કેસર કો.ઓ.સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.

ફોન : ૦૨૨-૨૮૬૯૨૧૫૦

**દીના વછરાજાની**

બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.

ફોન : ૦૨૨-૨૮૬૮૨૨૯૭

DISCLAIMER : આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.

# બીઈંગ વુમન

૮ માર્ચે આપણે સહુ વધુ એક આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઊજવણીના સાક્ષી બનશું. આ નિમિત્તે આ અંકમાં આપણી ત્રણ નારીઓની મુલાકાત દ્વારા એમની જીવનસિદ્ધિઓને અમે બિરદાવી છે.

સદ્દનસીબે સ્ત્રીભ્રૂણ હત્યા, સ્ત્રી શિક્ષણ, બાળલગ્ન, દહેજ, ઘરેલુ હિંસા, દહેજ મૃત્યુ જેવાં સામાજિક દૂષણોથી આપણો નાગરસમાજ મુક્ત છે. પણ આપણી આજની આધુનિક નારીને પણ નાના-નાના મોરચે મોટી-મોટી લડાઇઓ તો લડવી જ પડે છે. જેવી કે આર્થિક શોષણ, બાળ ઉછેર, ઘરકામ, સામાજિક જવાબદારી જેવા પ્રશ્ને થતો અન્યાય, સમાજ અને પતિ દ્વારા રોકટોક અને સ્વમાન પર થતો પ્રહાર. આ સમસ્યાનાં મૂળ સદીઓથી સ્થાપિત આપણી પુરુષપ્રધાન સામાજિક અને આર્થિક વ્યવસ્થા અને રૂઢિગત માનસિકતામાં રહેલાં છે, જરૂર છે એ સમાજની જે સ્ત્રીને સમાન દરજ્જો અને સન્માન આપે.

પણ આ બદલાવ માટે બહારના અવલંબન પર આધાર ન રાખતાં સ્ત્રીએ પોતે જ પોતાના અને બીજી સ્ત્રીઓના શિક્ષણ, સ્વમાન અને સ્વાતંત્ર્ય વિષે સભાન થઈ, ભીરુ માનસિકતા છોડી, આર્થિક રીતે સ્વ-નિર્ભર થઇ પોતાના હક્કોનું જતન કરવાનું છે. એક વ્યક્તિ તરીકે વિકાસ કરવાનો છે. અહીં યાદ આવે છે આ પંક્તિઓ-

હું થીજી ગયેલા

કાળમીંઢ સમયને

મારા મૌનથી ઊજવીને

ફરી પાછો વહેતો કરુ છું

અને ઊજવું છું મારા અસ્તિત્વને

આવતી કાલના મુક્ત અને મોકળાશભર્યા માહોલમાં આપણે સ્ત્રીનાં સમય, શક્તિ અને સામર્થ્યને આવાં કોઈ દિનની ઉજવણી દ્વારા સહારો ન આપવો પડે એવી આશા.

દીના વછરાજાની

પૃથ્વી જેટલી ક્ષમતા, સૂર્ય જેવું તેજ, ચંદ્રમાની શીતળતા, સમુદ્રની ગંભીરતા, પર્વત જેવી અડગતા–આ બધાજ ગુણ જો કોઈ એક જ સ્થળે જોવાય તો તે એક સ્ત્રીમાં જ. ઓગણીસમી સદીની સરૂઆતમાં ૮મી માર્ચ ને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવવાનું નક્કી થયું. આ દિવસ શેનો સૂચક છે ? એ જ કે, મહિલા–સ્ત્રી પરત્વે થતા અન્યાય, અત્યાચાર, દમન એ વૈશ્વિક સમસ્યા છે, હતી અને કદાચ રહેશે જ.

સંસારની શરૂઆતમાં આદમ અથવા આદિપુરુષ માટે ઈવ ની ઉત્પત્તિ થઈ હતી. માટે સ્ત્રી અને પુરુષ એકમેક વિના અધૂરાં છે એ પ્રકૃતિ દ્વારા જ બન્યાં છે, સમય વીતતા પુરૂષ સ્ત્રીને પોતાનાથી નબળી, નિરાધાર અને ઉપભોગનું સાધન સમજતો થયો. જે સિલસિલો હજુ ચાલુ છે. કાળ બદલાયો, સ્થળ બદલાયાં પરંતુ સ્ત્રી પરત્વેની દૃષ્ટિ હજી બદલાઈ નથી. હા, અમુક નોંધનીય ફેરફાર ચોક્કસ આવ્યા છે. પરંતુ મૂળભૂત સ્થિતિ યથાવત્ જ છે. દરેક ધર્મમાં કોઈ એક દેવી તો છે જ જેને બધાં જ પૂજે છે તો પછી આપણો વંશવેલો વધારનાર–પરંપરાની રક્ષક સ્ત્રી પ્રત્યે આટલો અનાદર કેમ ? હિંદુ પુરાણોમાં કહેવાયું છે કે

યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા : !

જ્યાં નારીની પૂજા, આદર કરવામાં આવે છે ત્યાં દેવતા નિવાસ કરે છે.

આજનો મનુષ્ય અચ્છે દિનની વાટ જુએ છે. એ અચ્છે દિન ત્યારે જ આવશે જ્યારે સ્ત્રીને એનો સમાન દરજ્જો આપવામાં આવશે.

સુહાની દીક્ષિત

---

જ્યાં જ્યાં વસે એક પણ નારી
ત્યાં ત્યાં રહે સદા ફૂલવારી

આ રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે નારી જગતને અનેકાનેક શુભેચ્છા. એનર્જી અને શક્તિ કોઈ પણ ભાષા હોય–બંને સ્ત્રી લિંગનાં, જેના વિના જીવન અધૂરું લાગે, જેના વિના સંસાર અસાર લાગે, જેના વિના વિકાસ શક્ય ન બને, જેના વિના ઉત્કર્ષનો આંક ઊંચો ન જઈ શકે એ જ શક્તિ

શક્તિ વિહીન સર્વ સર્વથા વ્યર્થ ।

સ્ત્રી એ જગતની સર્જનકર્તા છે, સ્ત્રી એ શક્તિનો ભંડાર છે. સ્ત્રીનું સન્માન એટલે લક્ષ્મીનું સન્માન. યુગેયુગે સ્ત્રીએ પોતાની શક્તિનો પરચો બતાવ્યો છે. સ્ત્રી એ શાંતિ અને સમતાનું પ્રતીક છે, છતાં જ્યારે કુટુંબ, સમાજ, દેશ, સંસાર કે સ્વરક્ષણ જોખમમાં મુકાય ત્યારે એ અજબ ગજબ શક્તિથી મેદાને પડે છે.

સ્ત્રી શક્તિનો આદર અને માન્યતા એ આજના યુગની તાતી જરૂરિયાત છે.

રેખાબેન અવાશિયા

## ૭૯ વર્ષનાં સ્વિમર, સાઈકલિસ્ટ !

વ્યવસાયે ડોક્ટર અને ઉંમર ૭૯, પણ શોખ જુઓ તો સાઈકલિંગ, સ્વિમિંગ, માઉન્ટેનિયરિંગ, રનિંગ, રોક ક્લાઇમ્બિંગ અને ફ્લાઇંગ, એય આ જૈફવયે. કલ્પના કરો, જે ઉંમરે સ્ત્રીઓ રાધે રાધેનાં ભજનો ગાતી હોય કે મંદિરના ઓટલે બેસીને માળા જપતી હોય એ ઉંમરે ડૉ. ભગવતી ઓઝા સ્વિમિંગ કોમ્પિટિશનમાં ભાગ લે છે, સુરતથી વડોદરા સુધી સાઈકલિંગ કરે છે, અડધી રાત્રે ઊઠીને પેશન્ટ તપાસવા જાય છે અને નવરાત્રિ આવે તો એમને ઉત્સાહપૂર્વક ગરબો કરતાં જોવા લોકો ટોળે વળે છે. આવી બહુમુખી પ્રતિભા કેવી રીતે વિકસાવી ? પ્રશ્નના ઉત્તરમાં ભગવતીબહેન કહે છે. બાર વર્ષની વયે જ મારા વિચારોમાં પરિવર્તન આવી ગયું હતું. એ ઉંમરે જ મેં નક્કી કરી દીધું હતું કે હું ડૉક્ટર બનીશ અને લગ્ન નહીં કરું. અમારા જમાનામાં લોકો બહુ જૂનવાણી હતા. મોરબીમાં હું રહેતી હતી ત્યારે સ્કૂલમાં પણ અમે સાડી પહેરીને જ જતાં. આવા સમાજમાં મેં બહુ નાની ઉંમરે જ વિચાર્યું કે સ્ત્રી તરીકે હું ક્યારેય કોઈના પર ડિપેન્ડન્ટ નહીં રહું. મા-બાપ ઉપર પણ નહીં. ઉપરથી હું પોતે એમની જવાબદારીઓ ઉપાડી લઈશ. આ વાત મેં ક્યારેય કોઈને કહી નથી. બસ, ત્યારથી ભણવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું અને ડોક્ટર બની. મને સાહસિક-સામાજિક પ્રવૃત્તિઓમાં પહેલેથી જ રસ હતો. મોરબીમાં લેડીઝ હોમગાર્ડ્ઝ વિંગ શરૂ થવાની હતી. મેં એન.સી.સી. કર્યું હોવાથી હું તૈયાર થઈ ગઈ પણ બીજી બહેનોને કેવી રીતે તૈયાર કરવી એમાં જોડાવા માટે એ મોટો પ્રશ્ન હતો. છોકરીઓ તૈયાર થાય પણ વાલી ના પાડે. બાઈમાણસ કંઈ પાટલૂન-બુશકોટ પહેરે ? મા-બાપને પહેલો વાંધો તો આ જ આવતો. છોકરીઓ અને મા-બાપને સમજાવતાં એક વર્ષ લાગ્યુ હતું. અથાક પ્રયત્નો પછી છેવટે લેડીઝ હોમગાર્ડ્ઝ વિંગ શરૂ થઈ હતી. આમ, ભણતર સાથે સમાજજીવનના અને સાહસિકતાના પાઠ ત્યારે શરૂ થયા હતા.

ડૉક્ટર તરીકે આ જમાનામાં સંઘર્ષ તો કરવો જ પડ્યો હશે. એની કોઈ વાત કહેશો ?

એ જમાનામાં વાહન વ્યવહારથી માંડીને અન્ય કોઈ સગવડ તો હતી જ નહીં ! એય પાછું મોરબી જેવું નાનું ગામ. હું ત્યાંની સરકારી હોસ્પિટલમાં ગાયનેકોલોજિસ્ટ હતી તેથી દૂર દૂરનાં ગામોમાં ગાડામાં બેસીને ડિલિવરી કરાવવા જવું પડતું. ૧૯૬૦નો એ સમય હતો તેથી ડિલિવરી માટેનાં અદ્યતન સાધનો પણ નહીં. તાપ-તડકો, વરસાદ કંઈ પણ હોય. મહિલા દર્દી તૂટી-ફૂટી ઝૂંપડીમાં સૂતી હોય, એક બાજુ ચૂલો સળગતો હોય, બીજી બાજુ ઘરમાં નાનું છોકરું હોય તે ભેંકડા તાણતું હોય, મચ્છર-માંકડ ને જીવજીવાતો પણ ખરી. આવા સંજોગોમાં બાર વર્ષ સુધી મેં દર્દીઓની સેવા કરી હતી. મોરબીનો મચ્છુડેમ તૂટયો ત્યારે પણ જવાબદારીનો બોજ વધી ગયો હતો. પરંતુ આ બધાં કામમાં મને આનંદ આવતો અને કર્તવ્યનિષ્ઠા તો ખરી જ.

ભગવતીબહેનના ભાઈએ વડોદરામાં દવાખાનું ખોલતાં તેઓ વડોદરા સ્થાયી થયાં. ૪૨ વર્ષની ઉંમરે તેમણે ફ્લાઇંગ ક્લબ જોઈન કરી ૧૬૦ ક્લાકના ઉડ્ડયનની તાલીમ લીધી અને વિમાનો ઉડાડયાં. સાઈકલિંગનો શોખ હોવાથી પહેલી વાખત સુરતથી અમદાવાદ સાઈકલિંગ કર્યું હતું. રોક સાઇકલિંગ, માઉન્ટેનિયરિંગ પણ તેમને મનગમતી પ્રવૃત્તિ છે. આઈસ એન્ડ સ્નો ક્રાફ્ટની તાલીમ એમણે પહેલી વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર તેનસિંગના માર્ગદર્શન નીચે લીધી હતી. કારગિલ યુદ્ધ વખતે ગુજરાતમાંથી બે ગાયનેકોલોજિસ્ટ કારગિલ અને લેહ-લદ્દાખ ગયાં હતાં. ભગવતીબહેન એમાંનાં એક. એ વખતે ત્યાં જઈને તેમણે લશ્કરના સૈનિકોની સેવા કરી હતી.

ભગવતીબહેન વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં પણ ભાગ લઈ ચૂક્યાં છે. ફ્રેન્ચ, જર્મન તથા રશિયન ભાષા તેઓ જાણે છે. ચિત્રકામ તથા સંગીત તેમના રસના વિષયો છે. ૨૦૧૩માં ઈન્ડિયન માઉન્ટેનિયરિંગ ફાઉન્ડેશન તરફથી તેમની સાહસિક પ્રવૃત્તિઓ બદલ સન્માન કરવામાં આવ્યું હતું તેમ જ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા જૂન ૨૦૧૩માં કન્યાકુમારીથી ઈસ્લામાબાદ શાંતિ કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં એ વડોદરાથી જોડાયાં હતાં. આખી ટીમમાં એકમાત્ર વયસ્ક મહિલા તેઓ હતાં. જોકે, ઈસ્લામાબાદનો વિઝા ન મળતાં ૧૫ ઓગસ્ટે વાઘા બોર્ડર પર તિરંગાને વંદન કરી આખી ટીમ પરત ફરી હતી.

તમારી સ્ફુર્તિ-ચુસ્તીનું રહસ્ય શું છે એમ પૂછતાં તેઓ કહે છે કે, સાદું સરળ જીવન ભોજનમાં ફક્ત દાળ-ભાત-રોટલી-શાક લઉં. દૂધ, ફળ, મગફળીનું સેવન નિયમિત કરું છું. એ કહે છે કે બદામ જેટલી જ તાકાત મગફળી આપે છે. તેમણે પોતાનાં કાર-સ્કૂટર વેચી દીધાં છે. નાનાં-મોટાં કામ સાઈકલ પર જ કરે. હા, બાઈક ચલાવવાનો શોખ હોવાથી બાઈક ઉપર પણ તેઓ નિર્ધારિત સ્થાને પહોંચી જાય છે. જીવનમાં એમણે કદી સોનું ખરીદ્યું નથી. તેઓ તાજેતરમાં જ યોજાયેલી નેશનલ સ્વિમિંગ કોમ્પિટિશનમાં અમદાવાદ અને ભોપાલમાં ભાગ લઈ આવ્યાં છે. ૭૯ વર્ષની ઉંમરે આટલી બધી પ્રવૃત્તિ કરનાર ભગવતીબહેન ઉંમરના નામે રડતી વ્યક્તિઓ માટે ખરેખર ઉદાહરણરૂપ છે એવું નથી લાગતું ?

ઉંમરને લીધે નિરુત્સાહ થઈ જતા સિનિયર સિટિઝનોને શું સંદેશ આપશો ?

એક જ વાક્યમાં કહું તો, વ્હેર ઘેર ઈઝ અ વિલ, ઘેર ઈઝ એ વે. ઉંમરને કોઈ બાધ નડતો નથી. સ્વસ્થ જીવવું હોય તો શારીરિક શ્રમ કરો. વ્યાયામ કરો, હકારાત્મક અને સાદું જીવન જીવો તો આનંદ જ આનંદ મળશે. તમારો વિલ પાવર મજબૂત હશે તો કોઈ દુઃખ દર્દ તમને સતાવી શકશે નહીં. એટલું જ નહીં, તમને મનગમતી કોઈ એક પ્રવૃત્તિ અથવા શોખ જીવનપર્યન્ત ચાલુ રાખજો. આનંદમય જીવન માટે આટલું બસ છે.

નંદિની ત્રિવેદી
(મારી સહેલી-સાભાર)

# ઓઝોન થેરેપી

આજના યુગમાં તબીબી ક્ષેત્રે હરણફાળ ભરી છે. એની સાથે તબીબી સારવારની વધતી જતી કિંમત અને તેની સાઇડ-ઈફેક્ટના કારણે લોકો સારવારની વિવિધ પદ્ધતિઓ અપનાવતા થયા છે. અત્રે ઓઝોન થેરેપી વિષે જાણવું ખૂબ રસપ્રદ થઈ પડશે.

દૂષિત ખાન-પાન, પ્રદૂષિત વાતાવરણ, ટેન્શનવાળી જિંદગીને લીધે દરેક વ્યક્તિને સ્વાસ્થ્યને લગતી સમસ્યા રહેતી હોય છે. વળી વધતી જતી ઉંમરની સાથે વૃદ્ધાવસ્થાજન્ય વ્યાધિઓ જેવા કે, સંધિવાત, કમરનો દુઃખાવો, હાઇ બ્લડપ્રેશર, ડાયાબીટીસ, મણકાનો દુઃખાવો યાદશક્તિ ઓછી થઈ જવી, ઉંઘ ન આવવી વગેરે સમસ્યાથી પીડિત રહેતી હોય છે. ઉપર જણાવેલા બધાં રોગોમાં કાયમી ધોરણે દવા ઉપર આધારિત રહેવું પડતું હોય છે. તો કોઈપણ દવા વગર અથવા ઓછામાં ઓછી દવા લઈને રોજીંદી જિંદગી સ્વસ્થતાથી જીવી શકાય એ માટે ઓઝોન થેરેપી વિષે જણાવતાં મને આનંદ થાય છે.

આ પદ્ધતિનો સૌથી મોટી ફાયદો એ છે કે જેમાં કોઈ કેમિકલ, ઇંજેક્શન, એન્ટી બાયોટિક્સ, સ્ટેરોઇડ નથી ફક્ત ઓઝોન વાયુથી જ સારવાર કરવામાં આવે છે. જેથી જુદા જુદા રોગાનુસાર વિવિધ પધ્ધતિથી માઈક્રો ગ્રામમાં ડોઝ આપવામાં આવે તો તેની કોઈ સાઈડ ઈફેક્ટ નથી.

**ઓઝોન શું છે ?**

ઓઝોન એક પ્રકારનો ગેસ છે. ઓઝોન અણુ ત્રણ ઓક્સિજન પરમાણુથી બનેલો હોય છે. આ એક નોર્મલ ઓક્સિજનનું શક્તિશાળી સ્વરૂપ છે. વાતાવરણની અંદર પૃથ્વીની સપાટીથી ૨૫-૩૦ કિલોમીટરની ઊંચાઈ પર ઓઝોનનું આવરણ આવેલું છે. એ પારજાંબલી કિરણોને પૃથ્વી તરફ આવતાં અટકાવે છે, જેથી ચામડીને કેન્સરથી બચાવે છે.

**ઓઝોન થેરેપી શું છે ?**

ઓક્સિજન સિલિન્ડર દ્વારા ઓક્સિજનનું ઓઝોનેટરથી શુદ્ધ ઓઝોનમાં રૂપાંતરણ કરીને જુદા જુદા રોગોમાં સારવાર કરવામાં આવે છે. એને ઓઝોન થેરેપી કહેવાય છે. આ વાયુ ૨૦ મિનિટની અંદર જ ઓક્સિજનમાં રૂપાંતરિત થઈ જવાથી બનાવીને તરત ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ઓઝોન એનીમા દ્વારા, કાન દ્વારા, ઇંજેક્શન રૂપે નોર્મલ સલાઇન માં શિરા દ્વારા (Intravenous) નાક દ્વારા બ્લડની અંદર મિક્સ કરીને વિવિધ ૧૪ પધ્ધતિથી આપવામાં આવે છે.

**આ થેરેપી થી ફાયદો શું છે ?**

આ એક સાદી ઓ.પી.ડી. પ્રોસિજર છે.

સારવાર બાદ પેશન્ટ એનાં રોજિંદા કામકાજ કરી શકે છે. આરામની જરૂર નથી આ થેરેપી અંદરથી શરીરને સાથ આપે છે. જેને લીધે શરીરના દરેક કોષોને જીવંત ઓક્સિજન અને શક્તિ મળે છે, અને આ રીતે રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં, મગજનુ કામ સારી રીતે કરવામાં, દુઃખાવો અને સોજો ઓછો કરવામાં, હેમોગ્લોબીન વધારવા માટે, શરીરનાં ઈન્ફેક્શન ને દૂર કરવા માટે એમ વિવિધ પ્રકારે ઉપયોગી છે.

**આ થેરપી થી ક્યા રોગોમાં સારવાર આપી શકાય ?**

કેન્સર, હૃદયરોગ, ઍસિડિટી, અલ્સર, યકૃતના રોગો, પેરેલિસિસ, સ્ટ્રોક, વેરીકોઝ વેઈન, ડાયાબિટિસ અને તેનાથી થતા ઉપદ્રવો, ગેંગ્રીન, વાળના રોગો, ચામડીના રોગો, અસ્થમા, સાંધાના રોગો વગેરે માં આ પદ્ધતિથી સારવાર આપી શકાય છે.

**ઓઝોન સ્ટીમ બાથ શું છે ?**

ઉપરના દરેક રોગો ઉપરાંત શરીર પર થતી ઉંમરની અસરને ધીમી પાડવા માટે, શરીર અને તેના સ્નાયુ ને રિલેક્સ કરવા માટે, શરીરના કોષોને વધુ જીવંત રાખવા માટે ઓઝોન સ્ટીમ બાથ આપવામાં આવે છે. વળી તે વજન ઓછું કરવામાં મદદ કરે છે અને વજન ઓછું થયા પછી આ થેરેપીથી શરીર પર કરચલી પડતી નથી. શરીરના દુઃખાવા માટે પણ આ થેરેપી બહુ ઉપયોગી છે.

**શ્રીમતી રાજેશ્વરી બૂચ**

# ખુમારી

પૂર્ણા સોસાયટીમાં સવારનો માહોલ બરાબર રોજની જેમ જ જામેલો હતો. ચોથા બ્લોકમાંથી શોભાબહેન તેની પીંકીને લઈને ટ્યૂશન મૂકવા જવાની તૈયારીમાં, દીપ્તિ જોબ પર જવા સ્કૂટીની કીક મારવામાં, વંદનાબહેન અને મિતાબહેન રોજની જેમ ફળિયું સાફ કરી કોણ વધારે સફાઈપરસ્ત છે તે સાબિત કરવામાં લાગેલાં હતાં. વડીલો ખૂણા પર છાપાંની હેડલાઈન્સ વાંચીને ચાય પે ચર્ચા માં વ્યસ્ત હતા, ત્યાં અચાનક એક રિક્ષા સોસાયટીમાં આવી ત્રીજા બ્લોક પાસે ઊભી રહી.

અને બધાની ઘટમાળ જાણે કે તૂટી. વંદનાબહેન અને મિતાબહેને કામ અધુરું મૂકી એકબીજા સમક્ષ પ્રશ્નસૂચક નજરે જોઈ હોઠ વંકાવી પોતાનું કુતૂહલ દર્શાવ્યું. દીપ્તિ સ્કૂટી સ્ટાર્ટ કરી રિક્ષાની બાજુમાંથી નીકળી કોણ છે તે જોતાં જોતાં નીકળી ગઈ. વડીલોને ચાય પે ચર્ચા માં નવી હેડલાઈન્સ ઉમેરાવા લાગી, કોઈકના ઘર મહેમાન હશે, કોણ છે ? કોઈ નવું રહેવા આવ્યું હશે ? ઘણાંબધા પ્રશ્નોને અલ્પવિરામ લાગ્યું જ્યારે રિક્ષામાંથી એક આધેડ મહિલા થોડા સામાન સાથે ઊતરીને ત્રીજા બ્લોકના બંધ મકાનનું તાળું ખોલી અંદર ગઈ.

ઓહ ! આ તો દીપકભાઈના મકાનમાં કોઈક ભાડે રહેવા આવ્યું છે. પણ કોણ હશે ? એકલાં છે ? કોઈક તો સાથે હશે ને ? ને આ સામાન કેમ થોડોક જ છે ? થોડા દિવસ જ રહેવાનાં હશે કે ? પરિણીત હશે કે અપરિણીત ? આવા તો કેટલાય સવાલ ચર્ચાનો વિષય બનતા રહ્યાં.

પેલી મહિલા જે દેખાવમાં સાધારણ પણ શાંત, ગરિમાપૂર્ણ પોશાકમાં મધ્યમ વર્ગીય ઘરની દેખાતી હતી તે આજે સાંજે પણ ઓટલા પરિષદનો મહત્વપૂર્ણ વિષય બની રહી.

બીજા દિવસની સવારે રોજની જેમ બધા પોતાના રોજીંદા ક્રમમાં પરોવાયેલા હતા ત્યારે તે મહિલાને ઘર બંધ કરી બહાર જતા જોઈ ફરી કુતૂહલ ડોકાવા લાગ્યું. પણ પછી તો રોજ તે મહિલાનો દૈનિક ક્રમ જ જાણે કે બની ગયો હતો, સવારે જઈ બપોરે આવવું, સાંજે પાછું બહાર જવું, બે કલાક પછી હાથમાં શાકભાજીના થેલા સાથે પાછું આવવું. બસ બધાએ તેને આવતાં જતાં જ જોઈ હતી. શું કરતી હશે ? ક્યાં જતી હશે ? ઘરમાં આખો દિવસ શું કરતી હશે ? ટી.વી. તો સામાનમાં દેખાતું પણ ન હતું. તો આખી બપોર કેવી રીતે પસાર કરતી હશે ? ઘરમાં પણ કોઈ છે નહીં ?

પણ એક દિવસ સાંજે પીંકીએ આ સવાલોનો અંત લાવી દીધો જ્યારે રમતાં રમતાં તેનો દડો પેલી મહિલાના ફળિયામાં ગયો અને મહિલાએ એક સુંદર સ્મિત સાથે તેને દડો પાછો આપ્યો. ત્યારે પીંકીએ થેંક્યુ કહેવા સાથે તે આંટીનું નામ પણ પૂછી લીધું અને દોડતી દોડતી તેની મમ્મી પાસે આવી હરખાતાં હરખાતાં ન્યુઝ આપ્યાં, મમ્મી પેલાં આંટીનું નામ દિવ્યા આંટી છે અને દિવ્યા આંટીએ પણ પીંકીની મમ્મી શોભાબહેન સાથે સ્મિતની આપ લે

કરી લીધી અને ઘરે આવવાનું આમંત્રણ પણ આપી દીધું.

અહીં તો આખું મંડળ આ જ રાહ તો જોતું હતું. બીજા જ દિવસે બપોરે શોભાબહેન અને આખી મહિલા મંડળી દિવ્યા બહેનને ત્યાં જઈ ચડી. થોડાક જ સામાન સાથે સજાવેલું ઘર એકદમ સાફ અને વ્યવસ્થિત લાગી રહ્યું હતું. મિતાબહેન અને વંદનાબહેનની કમિટીએ તો મનોમન તેને એ ગ્રેડનું સર્ટીફિકેટ પણ આપી દીધું. શોભાબહેને ઠંડા શરબતની ચુસ્કી લેતાં અંતે પૂછી જ લીધું કે જે આટલા દિવસોથી આખી સોસાયટી માટે એક સસ્પેન્સ બની રહ્યું હતું.

દિવ્યાબહેન એકદમ શાંત સ્વરે પોતાની ઓળખ આપી રહ્યાં, શિક્ષિકા છું, અહીં નજીકની શાળામાં ભણાવું છું, સવારે પછી બપોરે ઘરનું કામકાજ અને સાંજે અનાથાશ્રમમાં બાળકોને એકાદ કલાક ભણાવું અને સાંજે ઘરે પાછી કરું છું.

પણ તમારા ઘરમાં કોઈ નથી? સવાલ સાંભળી ચહેરા પર સ્થિરતા સાથે થોડીક વિષાદની રેખા દેખાઈ પણ તરત જ આંખમાં આવતાં આંસુને રોકીને કહ્યું: હતાં, પણ કચ્છમાં આવેલા ભૂકંપમાં પતિ અને એક દીકરાને ખોયા પછી ત્યાં રહેવાનું મન ન થયું અને આ શહેરમાં રહેવા આવી ગઈ.

મંડળીમાં થોડીક વાર એક શાંતિ પથરાઈ ગઈ. પણ, આ રીતે એકલાં....ક્યારેય કુદરત સાથે લડવાનું મન નથી થતું? શોભાબહેને દુઃખી અવાજે પૂછ્યું. થાય છે ને? પણ આ લડત જ છે ને? મારી જેવા અનેક લોકો આ પરિસ્થિતિમાં હશે, છે, બસ આવું આશ્વાસન લઉં છું. અનાથાશ્રમમાં નાનાં બાળકો પાસે જઈ થોડોક ટેકો મેળવું પણ છું અને તેમની પાસેથી મળેલી થોડીક લાગણીથી મારી જાતને પણ ટેકો આપું છું.

બધાં જ દિવ્યાબહેનના આ ગરિમાપૂર્ણ ચહેરાને જોઈ રહ્યા. પાછાં ઘેર જવા નીકળ્યાં ત્યારે બધાના મનમાં એક જ વિચાર હતો કે આટલા આત્મવિશ્વાસથી રહેતાં આમને આપણે શું ટેકો આપી શકવાનાં?

**ડૉ. હિરલ કે. વોરા**
**વાર્તા સ્પર્ધા – પ્રથમ ઈનામ**
**દ્વિતીય વય ગ્રુપ**
**(૧૭ થી ૩૫ વર્ષ)**

## કહાની ક્રિષ્ના કી

સ્મૃતિ ઈરાની અભિનીત ક્યોંકિ સાસ ભી કભી બહૂ થી ટી.આર.પી. રેટિંગ્સ અને વન હૉર્સ રેસ સાબિત થઈ રહી હતી. અચાનક બન્ને ને જબરદસ્ત આંચકો લાગ્યો. કહાની ઘર ઘર કી એ નં.૧ સ્થાન આંચકી લીધું. સાસ ફક્ત તુલસી પર નિર્ભર હતી, જ્યારે KGGK એક ટીમ વર્ક હતી. ABLY LED By ક્રિષ્નાજી શ્રીમતી નયન ભટ્ટ-વસાવડા

KGGK વગર પણ નયનબેન ગુજરાતી સ્ટેજ અને ફિલ્મોમાં એક અદનાં અદાકારા સાબિત થઈ ચૂક્યાં હતાં. KGGK એ નયન બેનનું ફલક વિસ્તૃત કરી નાખ્યું. KGGK ને લીધે નયનબેન જગતમાતા બની ગયાં.

આવો મળીએ ક્રિષ્નાજી- નયનબેનને.

**પ્રશ્નાર્થી :** આભાર નયનબેન આપના વ્યસ્ત સમયમાંથી નાગર મંડળ માટે સમય આપવા માટે. આપની અભિનય સફર વિશે જાણકારી આપશોજી.

**નયનબેન :** કોઈ પણ કલાકાર ઈશ્વરના આશિષ અનુગ્રહથી જ કલાકાર બને છે. કલાકાર સામાન્ય જનથી થોડો જુદો હોય. કલાકાર બનતા નથી. કલા તો કલાકારમાં જન્મજાત હોય છે. દા.ત. સંજીવકુમાર. અમે કાંદિવલીમાં રહેતાં હતા અને અમારી વસાહતમાં ગણેશ ઉત્સવ અને નવરાત્રિ ખૂબજ ઉત્સાહથી ઉજવાતાં. મારાં માતા-પિતા આદરણીય સ્વ. શ્રી મનુભાઈ અને સ્વ. મા. દેવીબેન મુખ્ય કાર્યકર્તા હતાં. હું જ્યારે અઢી વરસની હતી ત્યારે મારી પ્રથમ Entry stage પર થઈ.

મારો સૌથી મહત્વનો Break.... 'અભિનયસમ્રાટ' શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીના આ અપાર લોકપ્રિયતા પામેલ નાટકમાં હું સુનંદા જાની Gangubai Marriage Bureau કરી રહી હતી. શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી ખાસ્સા પ્રભાવિત થયા, અને નાટ્ય જગતમાં નોંધ લેવાઈ.

અભિનય સમ્રાટ બાદ બંધ દરવાજા ખૂલી ગયા. પારિજાત, સંધ્યાકાળે પ્રભાતફેરી, અમે બરફનાં પંખી, મુઠ્ઠી ઉંચેરો માનવી વિ. મેં આશરે ૧૫૦/૨૦૦ નાટકો કર્યા. મુઠ્ઠી ઉંચેરો માનવી નો વિશેષ ઉલ્લેખ. શ્રી કાંતિ મડિયાનું અદ્‌ભુત કામ અને ખૂબ જ હૃદયસ્પર્શી નાટક. ચિત્રલેખામાં શ્રી ચંદ્રકાંત બક્ષીએ નાટકનાં અવલોકનમાં લખ્યું. મડિયાનો અભિનય લાજવાબ, પરંતુ ઘણાં દ્રશ્યોમાં નયન ભટ્ટ Not only matches મડિયા પરંતુ અમુક દશ્યોમાં મડિયાને Surpass કરી જાય છે. આનાથી મોટો AWARD કોઈજ ના હોઈ શકે.

ગુજરાતી ફિલ્મોમાં પણ વિશેષ રહી - લાખો ફુલાણી. તે દિવસોમાં આ ફિલ્મે બધા જ વિક્રમો સ્થાપ્યા હતા.

પ્રશ્નાર્થી : આપનું inspiration?

નયનબેન : છે સીધું સાદું માપ ! સનમ ! તું ગાગર માં હું સાગરમાં

એ રૂપ ! જરા નીચું જો જે, કે પ્રેમ રહે છે આ ઘરમાં.

My inspiration મારા પતિ સલીલ.

પ્રશ્નાર્થી : નયનબેન, આપે Vatican, Amsterdam અને Goa માં રીતસર Traffic જામ કરી દીધો હતો. સવિસ્તર જણાવશોજી.

નયન બેન : ઈશ્વરનો આભાર. મારી કલા દર્શકોને સ્પર્શી ગઈ અને ઉપરોક્ત ત્રણેય સ્થળોમાં ટુરિસ્ટ મારા આશીર્વાદ લેવા લાઈનમાં ગોઠવાઈ ગયા. તેમાં પણ ગોવામાં યુવાન કપલ્સ who were then just married & on their Honeymoon કહેતાં હતાં- "ક્રિષ્નાજી હમેં આપ જૈસી સાસ ચાહિયે।" તેમાંથી ત્રણ કપલ્સ હજી પણ ટચ માં છે.

પ્રશ્નાર્થી : આપની industry માં મૈત્રી ખરી ?

નયનબેન : જો નઝર આતે હૈં, નહીં અપને, જો હૈ અપના નઝર નહીં આતા

બહુ જ ઓછી મૈત્રી, ફક્ત professional

સંબંધ, હા સાક્ષી તન્વર સાથે (પાર્વતી) અવારનવાર વાત થાય છે. આખરે તો હું, KGGK માં પાર્વતી ની સાસુ હતી.

RAPID FIRE:

પ્રિય કલાકાર
સંજીવકુમાર, અમિતાભ બચ્ચન
તરલા મહેતા, તરલા જોષી

પ્રિય લેખક
સુધા મૂર્તિ

પ્રિય Leisure Activity
મારા પૌત્ર કવિશ સાથે

પ્રિય ફિલ્મ
ઘણી બધી આંધી, અંગુર, શોલે વિ.

પ્રશ્નાર્થી : વધતી ઉંમર સાથે, કલાકારો રીતસર રોલ્સ માટે Beg કરતા હોય છે. આપને ઉત્તરાખંડ સરકાર દ્વારા હાલમાં જ બાબા કેદારનાથમાં સુંદર રોલ અને તે પણ મુખ્ય રોલ મળ્યો. થોડી વિગતો આપશોજી.

નયનબેન : Good Question બાબા કેદારનાથ માટે બધીજ દાદીઓ, all top Dadis of films & T.V. ઑડિશન આપી રહી હતી.

૩૩ માંથી પસંદગી ત્રણ ઉપર અટકીને મહાદેવની કૃપાથી આ રોલ માટે મારા પર પસંદગી ઊતરી. અનુપમ ખેર આ ટી.વી. શો માં નેરેટર છે અને કૈલાસ ખેર પ્રોડ્યુસર એક દાદી તેના પૌત્રને અલાહાબાદથી કેદારનાથ ની સફર દરમ્યાન મહાદેવનું મહત્વ સમજાવે છે. આપ સર્વને જરૂર પસંદ પડશે. જય હાટકેશ.

પ્રશ્નાર્થી : ગુજરાતી અને મરાઠી રંગભૂમિમાં ફરક ?

નયનબેન : ગુજરાતી રંગભૂમિમાં આજે પ્રયોગશીલ નાટકો થવા લાગ્યા છે. સ્નેહા દેસાઇ સુંદર કામ કરી રહી છે. Otherwise ગુજરાતી રંગભૂમિ IS DOMINATE BY MANDALS & MONEY જીવન ફક્ત COMEDY નથી, અને તે પણ CHEAP COMEDY તો નહીં જ.

મરાઠી રંગભૂમિ COMMITTED છે. વર્ષો પહેલાં 'કટ્યાર કાળજાત ઘૂસલી' સુંદર નાટક ભજવાઇ ગયેલું અને આજે તેજ નાટક પરથી ખૂબજ સફળ ફિલ્મ (તેજ નામની) ચાલી રહી છે.

આપણી રંગભૂમિ પર વેલકમ જિંદગી, બ્લૅક આઉટ, બા હું તને ક્યાં રાખું વિ. ખૂબજ સફળ રહ્યાં છે.

મને અફસોસ એક જ રહી ગયો છે કે મારી એન્ટ્રી INT માં આદરણીય પ્રવિણ જોશી ના મૃત્યુ પછી થઈ.

નાગર મંજૂષા ના વાચકો માટે કોઈ સંદેશ.

નયનબેન : આ જગતમાં આપણું કશું નથી. આપણે કશું સાથે લઈને આવ્યા નહોતા અને સાથે લઈને જવાના નથી. જીવનમાં જે કાંઈ મળે તેનો સ્વીકાર કરવો જોઈએ. પરંતુ મહેનત કરતી રહેવી, કારણ કુછ લોગોં ને તદબીર (HARDWORK)સે કિસ્મત સંવાર લી.

ઔર કુછ જ્યોતિષોં કો હાથ દિખાને મેં રહ ગયે

હું વાચકો અને દર્શકોનો આભાર માનું છું, કારણ તેમના પ્રેમ અને કદર વગર હું અહીં સુધી ન પહોંચી શકત.

અંતમાં... ખુશબૂ કો ફૈલને કા બહુત શૌક હૈં મગર મુમકિન નહીં હવાઓં સે રિશ્તા કિયે બગૈર

જય બાબા કેદારનાથ

શ્રી વિવેક વૈષ્ણવ

# રોતાં ઝરણાંની આંખ

ધડાધડ દાદરો ચડીને ખુલ્લા દરવાજામાંથી નૂતન અંદર આવી. સુનયનાબહેન રસોડામાં કંઈ વ્યસ્ત હતાં તે કંઈ બોલે કે નૂતન કંઈ બોલે તે પહેલાં અંદરના રૂમમાંથી ગિરીશભાઈનો અવાજ આવ્યો : નૂની આવી છે. "પપ્પા તમને કેવી રીતે ખબર પડી કે હું આવી ? હું તો બપોરે આવવાની હતી".

તું આવી એ તો ખબર પડી જ પણ ક્યો ડ્રેસ પહેરીને આવી છે તેની પણ ખબર પડી ગઈ. સિલ્કનો ક્રીમ કલરનો ડ્રેસ પહેર્યો છે ને ? હાય રામ....આટલી બધી ખબર કેવી રીતે પડી જાય છે ? એમ કહેતાં નૂતન અંદરના રૂમમાં આવી.

જાદુ

"ના એમ નહીં મને કહો, એક મિનિટ હોં પપ્પા હું હમણાં આવું છું". એમ કહેતાં પતંગિયાની જેમ રસોડામાં આવી પડી, "વાહ ઊંધિયાની તૈયારી ચાલે છે ? મમ્મી you are great" કહેતાં સુનયના બહેનને પાછળથી વળગી પડી.

અરે...અરે... આ શું જરા ધ્યાન રાખ તારાં કપડાં બગડશે અને દીકરીને સવાર સવારમાં વહેલી આવેલ જોઈને સહર્ષ પૂછ્યું, પણ બેટા તું તો બપોરે આવવાની હતી, આમ સવાર સવારમાં કેમ ચાલી આવી ?

અપૂર્વને સવાર સવારમાંજ નીકળવાનું હતું તેની સાથે ગાડીમાં બેસી ગઇ

પણ તારાં સાસુ....

કંઈ નહીં એ તો.....ના હોં મમ્મી મારા સાસુ બહુ સારાં છે એમણે જ કહ્યું કે અપૂર્વને પણ સવારમાંજ નીકળવાનું છે તો એની ગાડીમાં બેસી જા.

ઊંધિયા માટે તૈયાર કરેલ મૂઠિયાંમાંથી એકાદ મોઢામાં નાખી નેપકીનથી હાથ લૂછતાં અંદરના રૂમમાં આવી

"હાં પપ્પા, હવે કહો આટલી બધી ખબર કેવી રીતે પડી જાય છે ?"

"તને ઘણીવાર કહું તો છું કે મારી પાસે સંજયદ્રષ્ટિ છે"

"ના એમ વાત ઉડાવો નહીં"

" એક તો તારું આ સ્પેશ્યલ પરફ્યુમ, ઘર આખું મઘમથી ઊઠે ખબર પડી જ જાય"

"ચાલો માન્યું પણ ડ્રેસની કેવી રીતે ખબર પડી ?"

"બાંધી મૂઠી લાખની, ખુલ્લી ચપટી રાખની"

"ના, તો હવે મુઠ્ઠી ખોલો. મને કહો કેવી રીતે ખબર પડી ?"

જો તારો આ ડ્રેસ છેને તેના દુપટ્ટામાં ઝીણી ઝીણી ઘુઘરીઓ છે તેનાથી ખબર પડી જાય.

“ગ્રેટ”

નિરીક્ષણ કરવાનો શોખ અને થોડી કલ્પના દ્રષ્ટિ હોય તો જીવન કેવું ભર્યું ભર્યું થઈ જાય! ગીરીશભાઈને નિરીક્ષણ કરવાનો, બધું જોવા જાણવાનો કેવો શોખ! કહેતા, કુદરતની અજાયબી આપણી ચારે કોર ફેલાયેલી પડી છે. બીમાંથી કુમળો છોડ થાય, કુમળા છોડ માંથી વૃક્ષ, વૃક્ષમાંથી ફળ અને ફળમાંથી બીજ, પાનખર ને વસંત નોખો રંગ ને નોખો મિજાજ-આંખો ખુલ્લી રાખો તો-બાકી તો ઝાકળ જેવું. હાથી છબ છબ નહાય અને બ્રાહ્મણ તરસ્યો જાય, ઝાકળ ઝીલતાં આવડવું જોઈએ, કુદરતને સમજવાની દ્રષ્ટિ જોઈએ, બાકી બધું બંપર જાય.

બહારગામ જતાં હોઈએ ત્યારે પણ ગાડીમાં વાંચવા કે ગપ્પા મારવા કરતાં બારીમાંથી દેખાતાં દ્દશ્યો નાની નૂતનને બતાવે. ગામડાં, નદી, કુવો, પનિહારી, વાડી, ખેતર, ખેતર ખેડતા ખેડૂતો.

મોદીની દુકાનેથી આવતાં મગ, ચણા, તુવેરદાળનાં પેકેટ ની પાછળ આ ધોમ ધખતા તાપમાં બરડો ફાડી નાખે એવી આ કાળી મજૂરી છે. ખેતર ખેડવા, દાણા વાવવા, પાણી સીંચવાં નીંદામણ ને ગોડામણ ની માવજત.

ખેતરમાં લહેરાતા પાકમાં પણ આ ડૂંડાં એટલે બાજરો, ને પીળાં ફૂલ અને ઝીંડવાં એટલે કપાસ, રાતાં પાંદડાંવાળો લાલ ચટક કયારો એટલે રાજગરો એવો બધો અધ્યાય પાછો અલગ

પડદો હટાવી નૂતન ગેલેરીમાં આવી. ઠંડી હવાની લહેરખી અને દિલ દિમાગ બાગ-બાગ. ગેલેરી તો તેને સાસરાને ઘેર પણ છે પણ પાંચમાં માળની ગેલેરીમાંથી જોતાં આજુ બાજુ ઊંચાં મકાનો નીચે કમ્પાઉન્ડમાં પાર્ક કરેલ ઢગલાબંધ ગાડીઓ અને દોડાદોડી કરતા વૉચમેન. એકદમ શુષ્ક અને નિર્જીવ દ્દશ્ય. જ્યારે અહીં કેવું આલ્હાદક વાતાવરણ છે, વિશાળ જગ્યામાં આંબા-આંબલી વડ-પીપળો અને લીમડાનાં ઝાડ છે અને તેને આડી અવળી વીંટળાઈ વળેલ ફુલોથી લચી પડેલ વેલ અને તેની ઉપર મંડરાતાં રંગબેરંગી પતંગિયાં. ઝાડની ઝૂલતી ડાળ ઉપર બેસતાં અને ઊડી જતાં પંખીઓ ઝાડની ઘટામાં કલબલાટ કરતાં પક્ષીઓ. મન ભર્યું ભર્યું થઈ જાય. પહેલાં કપડાં સુકવવા ગેલેરીમાં આવતી ત્યારે આ બધું રસપૂર્વક જોયા કરતી. જાણે આ વૃક્ષો સાથે નાનપણથી લાગણીનાં બંધન છે. આ ગેલેરી જાણે તેમની જીવનની પાઠશાળા. સાવ નાની હતી ત્યારે પપ્પા તેને તેડીને અહીં ઊભતા. જો કાગા, જો કબુ ત્યાંથી શરૂ થયેલ પાઠ જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ કુદરતને

સમજવાની દૃષ્ટિ ખીલતી ગઈ, પાનખરમાં બધાં પાન ખરી જાય અને વસંત આવે ત્યાં ઝીણાં ઝીણાં નવપલ્લવીત પર્ણોથી વૃક્ષો ભરાઈ જાય. આંબામાં મોર આવે, મોર એટલે આંબામાં ફાલ આવે. ડાળીએ ડાળીએ ઝૂમખાં બાજી જાય. તેમાં પછી મગના દાણા જેવડી કેરી બંધાય ધીમે ધીમે મોટી થતી જાય. લીમડામાં પણ ફાલ આવે અને તેમાંથી નાની નાની લીંબોળી મોટી થઈને પાકે, આખું ઝાડ પીળી લીંબોળીથી ભરાઈ જાય આખું વન મઘમઘી ઊઠે.

ચોમાસામાં અડાબીડ ગોરંભાયેલ વાદળાંમાંથી છાંટણાં થતાં માટીની મહેક નીકળે, કોઈવાર રાત્રે ગાજવીજ સાથે વરસાદ આવતો હોય ત્યારે વીજળીના ઝબકારા જોવા પોતે પપ્પા સાથે રાત્રે રૂમની લાઈટ બંધ કરીને ગેલેરીમાં બેસતી, મમ્મી બૂમાબૂમ કરે. પણ ભલેને વાછંટથી થોડા ભીંજાઈએ. આમ તેની રસપિપાસા ઊઘડતી ગઈ અને જ્ઞાનપિપાસા પોષાતી ગઈ.

તે અને પપ્પા આ ગેલેરીમાં ઊભાં ઊભાં આ અગમ્ય સૃષ્ટિનું કેવું નિરીક્ષણ કરતાં...તિનકા તિનકા એકઠા કરી માળો બનાવતાં પંખી, દાણો દાણો લાવીને બચ્ચાની પરવરિશ, બચ્ચું મોટું થાય પાંખ વિકસે એટલે બે ચાર ચકલીઓ બચ્ચાંની આજુ બાજુ રહી તેને એક ડાળથી બીજી ડાળ ઉપર ઊડવાનું શીખવે અને જેવું ઊડવાનું બરાબર આવડી જાય એટલે બચ્ચું ફરરર કરતું કાયમ માટે ઊડી જાય. પક્ષીઓ નિઃસ્વાર્થ ભાવથી અપેક્ષા વગર આનંદથી કેવાં કર્તવ્યપાલન કર્યે જાય છે..

પણ એ આનંદ સાથે કોઈ કોઈ વાર વ્યથા પણ ભળતી. કોઈકવાર ઊડતાં શીખતું બચ્ચું કાગડાની ચાંચમાં ઝલાઈ જાય ત્યારે ચીચીયારી કરી મૂક્તી અને કાગડાની આજુબાજુ ઉડાઉડ, કર્યા કરતી ચકલીની તડપન અને વ્યથા પણ નૂતન અંતરમાં અનુભવતી, આમ તેનામાં એ આનંદ, એ વ્યથા, એ કર્તવ્ય પરાયણતા, પ્રેમ, કરૂણા એ બધા ભાવો પાંગરતા ગયા.

કુદરત કેવું પોતાનું કામ કર્યે જાય છે નદી હજારો વર્ષોથી વહી જાય છે, વરસાદ આવ્યે જાય છે, વૃક્ષો ફળ-ફૂલ આપ્યે જાય છે આ બધાંમા છુપાયેલ નિઃસ્વાર્થ કર્તવ્યપાલનના ભાવનો દીવ્ય સંદેશ જાણ્યે અજાણ્યે તેના અંતરમાં ઊતરતો રહ્યો, તેથી જ આજે ઘરમાં, કુટુંબમાં, સમાજમાં તેની કુટુંબવત્સલ સ્નેહાળ અને લાગણીશીલ સ્ત્રી તરીકેની પ્રતિમા ઘડાઈ છે. અને તેની આ પ્રતિમા પપ્પાએ કોઈ અદ્રશ્ય ટાંકણાંથી ઘડી છે.

નૂતને પ્રેમથી પપ્પા સામે જોયું અને ગેલેરીમાંથી આવીને પપ્પાની બાજુમાં બેઠી. “પપ્પા પેલાં ફાલસા કલરવાળાં વેલની બાજુમાં એક બીજી વેલ ઊગી છે”.

“તેનાં પાન કેવાં છે ?”

“મોટાં હથેળી કે પંજા આકારનાં કિનારી કરકરિયાં વાળી છે.”

“દાંડલીનો કલર કેવો છે ?”

આછો લાલાશ પડતો

અચ્છા....તો તેમાં પંદરેક દિવસ પછી પ્યાલા આકારનાં લાંબાં ફૂલ આવશે નીચેથી સાંકડાં ઉપરથી પહોળાં. અને નીચેના ભાગમાં તેનો રંગ આછો જાંબલી હશે.

પંદર વીસ દિવસે નૂતન ઘેર આવતી ત્યારે આમ આજુબાજુના પ્રદેશની નવાજુની ના ખબર પપ્પાને આપવાના રહેતા.

આટલું બધું જોવા જાણવાના શોખીન ગિરીશભાઈની કુદરતે કેવી આકરી તાવણી કરી ? બેક વર્ષ પહેલાં હાઈ ડાયબીટીસને કારણે તેની આંખ ગઈ ત્યારે કેવો વજ્રપાત થયેલ ? અને તેમાંય ડૉક્ટરોએ જ્યારે કહ્યું કે નેત્રદાનથી પણ દૃષ્ટિ પાછી આવશે નહીં ત્યારે તો બે દિવસ સુધી રડી રડીને મા–દીકરીની આંખો સૂઝી ગયેલ.

ગિરીશભાઈ પણ બે દિવસ સૂનમૂન — પણ પછી તેમણે જાતને સંભાળી લેતાં કહ્યું. ચાલો જે થયું તે થયું, થયું તેનો વસવસો ન કરવો.... અને આમેય આપણે જીંદગીમાં ઘણું જોયું–જાણ્યું છે કોઈ અફસોસ નથી. હવે એ બધા સારા સારા પ્રસંગોને યાદ કરવાની મજા આવશે. ગાય જેમ પહેલાં ઝટપટ ખાઈને પછી નિરાંતે બેસીને વાગોળે તેમ જૂની યાદો વાગોળવાની મજા આવશે. એમાંય એક મજા છે...પ્રસંગ પતે પછી તેનો વિડિયો જોવાની કેવી મજા આવે છે. પ્રસંગ કરતાં પણ કદાચ વધુ મજા આવે. આમ કુદરતે મને એ બધું યાદ કરવાનો મોકો આપ્યો છે.

અને તેના સ્મરણપટ ઉપર બધી વિગતો ઘડીબંધ અંકિત થયેલ કે જાણે હમણાં જ ગયા હોઈએ એવી રજેરજની માહિતી મળે. ક્યાંથી ક્યાં ગયા, કોણે શું કહ્યું, ક્યાં ઊતર્યા...જાણે પાનાં ઊઘડતાં આવે ને યાદો ઊખળતી જાય.

સાઉથની ટ્રિપ વખતે અદ્રાપલ્લીનો ધોધ જોવા ગયેલ ત્યારે રાતવાસો જંગલમાં આવેલ એક રિસોર્ટમાં કરેલ. આખા દિવસની જીપમાં મુસાફરી એટલે થાક તો હતો જ તેમાં વળી સાંજે ધીમો વરસાદ પડેલ, ખાઈપીને પથારીમાં પડયા ભેગાં ઊંઘી ગયાં અડધી રાત્રે ચિન્મય જગાડવા આવ્યો : ચાલો જોવા જેવું દશ્ય છે, ઊઠવાનું મન તો ન થયું પણ છતાં ઊઘરેટી આંખે અગાશીમાં ગયાં અને આશ્ચર્યથી આંખો ફાટી ગઈ, ઘોર અંધકારમાં ચારેય બાજુ હજારો આગિયા ઝબક ઝબક થઈ રહ્યા છે. જાણે આકાશમાંથી તારલા જમીન ઉપર સાત તાળી રમવા આવ્યા હોય ! અદ્‌ભુત

કેરળની ટ્રિપ વખતે પણ બેક વૉટરની મુસાફરી દરમ્યાન ગાઇડ સુંદરમ્ હોડીમાં એક બેટ ઉપર લઈ ગયેલ અને ત્યાં તેણે કુદરતનો કેવો ખજાનો બતાવ્યો ! આ તજનું ઝાડ આ લીલાં લવિંગ, આ ઝાડમાં છે તે એલચી છે. સામેના ઝાડમાં સોપારી જેવડાં લટકે છે તે જાયફળ છે. આ લીલાં મરીના વેલા છે. સીમ સીમ ખૂલ જા ની જેમ જાણે ખજાનો ખુલ્લો મુક્યો, રસોડામાં જે જે વસ્તુ મસાલિયામાં હોય તે બધી ઝાડ ઉપર જોઈ, અજાયબ....

વાડીનાર પાસે પીરમબેટ કે નરોના મરીન નેશનલ પાર્ક ગયેલાં ત્યારે બોટમાં બેસીને દરિયાની વચ્ચેના એક બેટ ઉપર ગયેલ. આખો દિવસ દરિપાઈ અજાયબ સૃષ્ટિ જોઈ, ટાપુની ફરતે દૂર દૂર દરિયાનાં પાણીનાં રૂપેરી ફીણ ચમકી રહ્યાં હતાં. રાતવાસો ટેન્ટમાં કરવાનો હતો, અધરાત મધરાતે જાગી ગયાં ત્યારે સાવ નજીકમાંથીજ આવતા દરિયાનાં મોજાંના ઘુઘવાટથી જાગી ગયાં-હબકી ગયાં. ટેન્ટની બહાર નજર કરતાં શ્વાસ અધ્ધર જઈ જાય તેવું દૃશ્ય, ચાંદનીના પ્રકાશમાં જોયું તે ટેન્ટની ચારે બાજુ દરિયાનાં પાણી ઘુઘવી રહ્યાં છે દરિયાનાં પાણી ટેન્ટની સાવ નજીક આવી ગયેલ. જાણે દરિયો આપણને ગળી જવા આવ્યો હોય તેમ. ભયથી થીજી ગયાં. પણ ગાઈડે હસીને કહ્યું કે ગભરાવાની જરૂર નથી દરિયો એના માઝા મુક્તો નથી. ટેન્ટમાં પાણી નહીં આવે, ઓટ આવતાં પાણી ઓસરી જશે. દિલધડક અનુભવ.

આવી તો કેટલીયે વાતો નીકળતી જાય ભૂલી પણ ગયા હોઈએ એવી તે કેટલીય અજાયબ વાતોનો ભંડાર ખૂલે. ભૂતકાળનાં અતલ ઊંડાણમાંથી આવાં કેટલાંય મોતી નીકળે આમ તો હવે જીંદગીમાંથી બધું લુંટાઈ ગયું છે પણ આવી કેટલીક યાદોની અસ્કયામતો હૈયામાં સંઘરી રાખી છે એમાંજ જીવવું એક કેફ છે, નશો છે.

નૂતન અને સુનયનાબહેન ઉપરાંત મળવા આવનાર સંબંધીઓ પાસે પણ ભંડાર ખૂલે. કેટલાકને શોખ હોય કેટલાકને ન પણ હોય. પણ ઉત્સાહને બ્રેક હોતી નથી અને અહીં તો સામેવાળાની અનિચ્છા જોવાની દૃષ્ટિ પણ ન હતી.

કેટલીકવાર સુનયનાબહેન મહેમાનને પતિની વાતોમાં ધ્યાન રાખવા કરતાં બાજુમાં પડેલ છાપાની હેડલાઈન વાંચવામાં મશગુલ જોતાં-કેટલીક વાર નામ પૂરતો હોંકારો હોય બાકી પોતાના હિસાબ કિતાબમાં મગ્ન હોય. આ બાબત એક બે વાર ગિરીશભાઈને પણ મભમ કહેલ. સુનયનાબહેનને સમજાતું નહીં કે કોની ઉપર ગુસ્સો કરવો ? મનમાં ધુંધવાટ હતો જ.

નૂતનને પણ આવા કટુ અનુભવ થયેલ. અપૂર્વ અને મિત્રોનાં હસી મજાક ચાલતાં હોય અને નૂતન ચહા-નાસ્તો લઈને પ્રવેશે ત્યાં બધા ગંભીર થઈ જાય. નૂતન સમજી જાય કે કદાચ તેના પપ્પાની વાતો ચાલતી હોવી જોઈએ. તેને મનમાં ઘણીવાર પપ્પા ઉપર ગુસ્સો આવતો. શા માટે આવા અરસિક માણસો પાસે આવું પિષ્ટપેષણ કરતા હશે. ઘણીવાર પપ્પાને આ બાબત કહેવા નક્કી કરતી પણ કહી શકતી નહીં-જીભ ઊપડતી નહીં પણ આજે તો નક્કી કરીને જ આવેલ.

ઘરમાં પ્રવેશી ત્યાં ભડકો થઈ ચુક્યો હતો. સુનયનાબહેનના મોઢા ઉપર ગુસ્સો દેખાતો હતો અને ગિરીશભાઈના ચહેરા ઉપર હંમેશની શાંતિ અને સ્મિત, નૂતનના આવતાં જ તેમણે કહ્યું બીજા કોઈને ન ગમતું હોય તો કંઈ નહીં નૂની ને તો બહુ ગમે છે.

એ પણ તમારું આ પીંજણ પરાણે સહન કરતી હશે.

નૂતનને કહેવાનું મન થયું કે, ના હોં મમ્મી, મને તો એ બધું ગમે છે પણ ધુંધવાટનું વાદળ વચ્ચે આવ્યું બોલી, પપ્પા તમે હવે જરાક વાસ્તવિકતાનો સ્વીકાર... બોલતાં બોલાઇ ગયું પણ તુરત જીભ કચરી હાય, આ હું શું બોલી ગઈ.

કુંભારનો ચાકડો ફરતો હોય, ઉપર માટીનો સુંદર આકાર ઘડાયો હોય, અચાનક ચાકડો ધરી પરથી ઊતરી પડે ને માટીના પીંડા ચારે બાજુ ઊડી પડે એવું થયું. શાંતિ છવાઈ ગઈ. ઘેરાયેલાં વાદળ વરસી ગયાં. સુનયનાબહેન પ્રમાણમાં વહેવારૂ પણ નૂતન ઘણી લાગણીશીલ. મમ્મી સાથે રસોડામાં જતાં પશ્ચાતાપની આગમાં બળી રહી. કેવું બોલાઇ ગયું હવે પપ્પા સામે ઊભવું પણ ભારે થઈ પડ્યું. ગિરીશભાઈ પણ જરા ઘા ખાઈ ગયા. મન મનાવ્યું એ લોકોને રોજના હજારો ચિત્રો નજર સામેથી પસાર થાય ચમકદમકના લાખો નઝારામાંથી જૂનાં દૃશ્યો જોયા કરવાની શું મજા આવે ? દર્દીલા ગાયકની ગાયકી ચાલી રહી હોય સાથે વાયોલીન અને તબલાની જુગલબંધી હોય, શ્રોતાઓ એ દર્દના ઝૂલે ઝૂલતા હોય ત્યારે ગાયન પાછળ સતત નદીના પ્રવાહની જેમ શાંત રીતે વહેતા તંબુરના ગુંજતા તાર તરફ કોનું ધ્યાન જાય છે ? વચ્ચે એકાદ ક્ષણ માટે મળતા અવકાશમાં એ રણઝણતા તાર સાંભળવા મળે ત્યારે એ કેવી અસર ઊભી કરી જાય છે. અને એ સ્વર બંધ થાય ત્યારેજ ગાયકીના વાતાવરણમાંથી કંઈક ઓછું પડયાની લાગણી થાય. પણ એ તો ઘાયલ કી ગત ઘાયલ જાણે બીજાને એની શું ખબર પડે ? હશે, પણ મારા મનોરાજ્યમાં તો કોઈ દખલ દેવા આવવાનું નથી ને ! કઈ વેલમાં ફૂલ આવ્યાં કે સામેના ઝાડમાં ફાલ આવ્યો કે નહીં એવું કોઈને પૂછવા કરતાં આપણે જ મનોમન બધી વેલને ફૂલોથી ભરી દેવી. આમ તે અંતર્મુખી થઈ ગયા.

નૂતન ઘણું તલસી રહેતી, તડપતી કે પપ્પા પહેલાંની જેમ બધું પૂછે. પરફ્યુમ બદલાવ્યું, મોટી મોટી ઘુઘરીવાળા નવા ડ્રેસ પણ લીધા. પહેલાં પંદરવીસ દિવસે એકાદ આંટો આવતી તે હમણાં હમણાં અઠવાડિયે અઠવાડિયે આવતી થઈ પણ ઘરમાં શાંતિનું વાતાવરણ રહેતું. ગિરીશભાઈ પોતાના મનોરાજ્યમાં મસ્ત રહેતા.

ધીમે ધીમે પગથિયાં ચડીને નૂતન ઘરમાં આવી. એજ વ્યવસ્થિત ગોઠવેલ ઘર- ટેબલપર ફ્લાવરવાઝ અને આજના અખબાર. શો કેસમાં ગોઠવેલ પુસ્તકો, શેટ્ટી ઉપર સફાઈબંધ પાથરેલ ઓછાડ એજ બારી-પડદા બધું એનું એજ, સોફા ઉપર ફસડાઈ પડી.

કેમ બેટા વળી પાછી આજે આવી ? સુનયનાબહેને પૂછયું

તબિયત સારી નથી ?

ના મમ્મી તબિયતને કંઈ નથી

પહેલાં આવતી ત્યારે કેવાં આનંદનાં મોજાં ઉછળતાં ?

ભરતી વખતે કિનારા કેવા તરબતર થઈ જાય, મોજાંની છાલકથી જાણે ઝૂમી ઊઠે, ઓટ આવતાં સૂકાભઠ થઈને જાણે મોજાં માટે તલસી રહે.

જાણે અવાજ આવ્યો, "આટલી બધી ભારે થેલીમાં શું ભરી લાવી ?"

"કેવી રીતે ખબર પડી કે ભારે છે ?"

"તેં જે રીતે નીચે મૂકી તેના અવાજ ઉપરથી ખબર પડી".

"કેમ આજે ઘેરથી ઉતાવળથી નીકળી છો ?"

"ના.....કોના ઉપરથી કહો છો ?"

"આજે પરફ્યુમની ભભક કરવાનું ભૂલી ગઈ ને તેથી કહ્યું"

આવાં તો કેટલાંય મોજાં મનને ભીંજવી જતાં,

"બહુ થાકી ગઈ છો ?"

કોણ બોલ્યું ? કે મને એવો વહેમ પડયો ? સહસા નજર અંદર ગઈ. ગિરીશભાઈ સ્વસ્થ ચિત્તે આંખો બંધ કરીને બેઠા છે. હાય રે મન! અંદરની ધરબાયેલ ઝંખના ક્યાંક આભાસ બનીને પડઘાતી નથી ને ?

નૂતન ધીમે પગલે અંદરના રૂમમાં થઈને ગેલેરીમાં આવીને ઊભી. પવન પડી ગયો છે. ઝાડપાન નિઃસ્તબ્ધ છે. પેલી નવી વેલમાં ફૂલો આવ્યાં છે. પ્યાલા આકારનાં લાંબાં, ઉપરથી પહોળાં અને નીચેથી સાંકડાં સફેદ રંગનાં ફૂલ નીચેના ભાગેથી જાંબલી રંગના છે. ઉત્સાહમાં આવીને પપ્પાને જણાવવા મોઢું ખોલ્યું પણ અપરાધ ભાવનો પડદો આડે આવ્યો. કંઈ બોલી શકી નહીં. પવન વગર સ્થિર ઉભેલ ઝાડપાન જાણે તેનાથી નારાજ હોય તેવું તેને લાગ્યું અંતરમાંથી અવાજ ઊઠયો -તું તારી જાતથી નારાજ નથી ? પંદરવીસ દિવસે એકવાર ઘેર આવે ત્યારે જીજ્ઞાસાથી પપ્પા એકાદ બે વસ્તુ પુછતા. પોતાને તે ગમતું પણ ખરૂં, તો પછી પોતાને આવું બધું ગમતું નથી એવો ખોટો સંકેત પપ્પાને આપવાની શું જરૂર હતી ?

બે વરસથી દૃષ્ટિ ગુમાવી છે છતાં કોઈપણ જાતનો વલોપાત કે વસવસો કર્યા સિવાય કેવા આનંદથી અને ઉત્સાહથી રહેતા હતા અને હવે કાચબો જેમ અંગો સંકોચીને કોચલામાં બધું સમેટી લે તેમ પપ્પા પણ હવે એ આનંદ, ઉત્સાહ એ વાચાળતા બધું સમેટીને એકલતાના આવરણમાં સરકી ગયા છે. કેટલો વિશ્વાસ હતો મારા પર બીજા કોઈને ન ગમે તો કંઈ નહીં મારી નૂનીને બહુ ગમે છે. એને સધિયારો આપવાને બદલે એવા આઘાત આપવાની શું જરૂર હતી. પપ્પાને થયું હશે નૂતન હવે પહેલાંની નાનકડી નુની નથી. હવે તે ગૃહિણી બની ગઈ છે. પતિ અને સસરાની ધીકતી કમાણી છે. જુહુ વિસ્તારમાં મોટો ફ્લેટ છે. ઘેર બે ગાડી-ટેરેસ ગાર્ડન છે હવે તેને આ આપણા ઘરની પાછળનાં ઝાડી ઝાંખરામાં શું રસ હોય! ત્રસ્ત થઈને કાને હાથ દાબી દીધા નૂતને. તેને થયું કે ચીસ પાડીને કહી દે કે ના....ના મને દુનિયાનાં કોઈ ગાર્ડન કરતાં આપણા ઘરની પાછળ આવેલાં આ વૃક્ષોની વિશેષ માયા છે, પપ્પા હું તમારી

પહેલાંનીજ નૂની છું. મને કંઈક પૂછો પપ્પા મને બહુ ગમે છે. ગળું રૂંધાઈ ગયું જાણે હમણાં ડુસકું નીકળી પડશે. પપ્પાની સામે રોવાઈ ન જવાય એટલે દુપટ્ટાનો ડુચો મોઢામાં ખોસી દીધો. દોડતી રસોડામાં આવી. બારણું બંધ કર્યું ને સુનયનાબહેનને વળગી પડી. રૂદનના બધા બંધ છુટી પડયા.

મમ્મી.... મારે પહેલાંના પપ્પા જોઈએ છે.

ડુસકાં ભરતી હૈયાફાટ રડતી દીકરીની પીઠ સુનયનાબહેન પસવારી રહ્યાં દીકરીનાં આંસુથી તેનો ખભો ભીનો થયો તેની આંખ પણ ભીની થઈ. ગેસ ઉપર ચા ઊકળતો રહ્યો, હાથમાંની સાણસી નીચે મૂકી ગેસ બંધ કરી પાલવથી દીકરીનાં આંખ નાક લુછ્યાં અને નૂતનને બાજુની ખુરશી પર બેસાડી પાણીનો પ્યાલો આપ્યો. દીકરીને માથે હાથ ફેરવતાં બોલ્યાં બેટા તું આટલાં વર્ષોમાં તારા પપ્પાને ન ઓળખી શકી ?

"એટલે ?"

"કોઈ પરિસ્થિતિ કે કોઈ સંજોગો તેને મોળા પાડી શકે છે ?"

"હુ કંઈ સમજી નહીં"

"જા અંદર જઈને જોઈ આવ, ચાલ હું પણ ચા લઈને સાથે આવું છું તેનો ચહાનો પણ ટાઈમ થયો છે".

મોઢું ધોઈ સ્વસ્થ થઈને નૂતન અંદરના રૂમમાં આવી સુનયનાબહેન પણ ચહાનો કપ લઈને સાથે થયાં.

ગિરીશભાઈ બાજુમાં પડેલ પુસ્તક ઉપર હાથ વડે તાલ દેતા ગણગણી રહ્યા હતા ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા.....

મા-દીકરીએ એકબીજા સામું જોયું બન્નેની આંખો હસી રહી. નૂતન દોડીને ગીરીશભાઈના પગ પાસે બેસી ગઈ અને તેનો હાથ પોતાના હાથમાં પકડીને તેના સુરમાં સુર પુરાવ્યો.

"જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી"

વાહ....વાહ....વાહ.... છેવટે ઘંટડી રણકી ખરી મને થયું કે નુની કંઈક નારાજ લાગે છે ચુપચાપ રહે છે, આવે છે ને ચુપચાપ ચાલી જાય છે કંઈ બોલતી નથી, પણ આજે ઘંટડી રણકી.... હેં નૂની, કહે તો ખરી કે તારા નવા ઘુઘરી વાળા ડ્રેસનો કલર કેવો છે ?

**શ્રી નિખિલ દેસાઈ**
વાર્તા સ્પર્ધા - પ્રથમ ઈનામ
ચતુર્થ વય ગ્રુપ (૫૧ વર્ષ થી વધુ)

## મહાભારતનું એક બદનામ પાત્ર

# મામા શકુનિ

આપણી સમક્ષ જ્યારે શકુનિનું નામ આવે ત્યારે એક કપટી, પ્રપંચી પાત્ર નજર સામે આવી જાય. એ પણ ટી.વી સીરીયલનો શકુનિ મામો ગુફી પેન્ટલ હવે આપને હું શકુનિનો પરિચય આપું તો પિતા–સુબાલા, માતા–સુદર્મા એમના વંશજ– ઉલુકા અને વિક્રાસુર.

શકુનિ ગાંધાર રાજ્યનો રાજકુંવર હતો. અને પિતાના મરણ પછી ઉત્તરાધિકારી તરીકે શકુની રાજા બન્યો–પરંતુ પોતાનું રાજ્ય સંભાળવા કરતાં એ એની બહેન ગાંધારીને ઘરે રહેવાનુ પસંદ કર્યું. આ દુર્યોધનનો મામો ખૂબજ ચાલાક, હોંશિયાર હતો પણ આ હોંશિયારી એણે ઊંધે રસ્તે વાળી. મહાભારતની લડાઈનો મુખ્ય સૂત્રધાર એટલે શકુનિ. એ પાંડવો કે કૌરવો કોઈના પક્ષમાં નહોતો પણ એના બાપના મરણનો બદલો કુરુના કુળનો નાશ કરીને લેવા માગતો હતો. કહેવાય છે કે એ દ્વાપર યુગનો એક અવતાર હતો.

મહાભારતની લડાઇનું મુખ્ય પાત્ર.. શકુનિ જુગટું રમવામાં ખૂબ નિપુણ હતો. કુરુક્ષેત્રની લડાઈ ઊભી કરવામા એની ચાલાકી હતી. વર્ષો પહેલા હસ્તિનાપુરે ગાંધારને હરાવેલું એનો બદલો લેવા માગતો હતો અને ભીષ્મએ એની બહેન ગાંધારીનાં લગ્ન અંધ ધૃતરાષ્ટ્ર સાથે કર્યા એનું પણ વેર લેવા માગતો હતો. એ ગાંધારીને ખૂબ પ્રેમ કરતો હતો. પતિ અંધ હતા એટલે ગાંધારી પણ આંખે પાટા બાંધી રાખતી. એની સામે શકુનિને મોટો વાંધો હતો. અને વારંવાર એ ગાંધારીને કહેતો કે જરા ઉઘાડી આંખે જો ભીષ્મ કેવું કરી રહ્યા છે અને આ અન્યાયનો બદલો લેવા ગાંધારના રાજા હોવા છતઊં હસ્તિનાપુરમાં રહી અને કૌરવો પાંડવો વચ્ચે વેરઝેર ઊભું કરવામાં એને વધારે રસ હતો. એટલે પાંડવો વિરુદ્ધ ઘણા કાવાદાવા કર્યા જેવા કે

૧) ભીમના ખાવામાં ઝેર ભેળવવાનું દુર્યોધનને કીધું.

૨) લાક્ષાગૃહમાં પાંડવોને બાળી નાખવાનું પણ કાવતરું રચ્યું.

૩) ઋષિ દુર્વાસા જેવાને પણ ઉશ્કેર્યા. કે તમે વનવાસ ભોગવતા પાંડવો પાસે ખાવાનું માંગો.

૪) શાલ્ય જે પાંડવોના પક્ષમાં હતો એના લશ્કરના માણસોને પોષ્યા.

૫) કુરુક્ષેત્રની લડાઈમાં, લડાઈના નિયમોનું ઉલ્લંઘન કરીને અર્જુનના દીકરા અભિમન્યુને મરાવી નાખ્યો.

જુગટાની રમતમાં પણ એણે કૌરવો–પાંડવોને પ્રોત્સાહિત કર્યા. અને એની પાસે એક મંત્રવિદ્યાવાળુ પ્યાદું હતું એ ફેંકીને એણે પાંડવોને હરાવ્યા પરિણામે યુધ્ધિષ્ઠિર જેવા ધર્મરાજાએ પણ બધું હાર્યા બાદ દ્રૌપદીને પણ હોડમાં મૂકી અને મહાભારતનો ખૂબ જ

નાલેશી ભર્યો પ્રસંગ (દ્રૌપદીનું વસ્ત્રાહરણ) થયો. દુઃશાસનને, કર્ણને અને દુર્યોધનને એણે પાંડવોનું અપમાન કરવા ઉશ્કેર્યાં અને દુર્યોધને-પાંડવોને તસુભાર જમીન આપવામાં નનૈયો ભણ્યો.

પરિણામે પુરાણકાળની મોટી કુરુક્ષેત્રની લડાઈ શરૂ થઈ. ભગવાન કૃષ્ણ વિષ્ટિ કરવા આવેલા પણ વ્યર્થ. લડાઈ થઈને જ રહી અને આ બધાનો બદલો લેવા પાંડવોનો ચોથો ભાઈ સહદેવ કટિબદ્ધ થયો અને એણે શકુનિને મારવાના શપથ લીધા અને લડાઈના અઢારમા દિવસે શકુનિનો વધ કર્યો.

અત્યાર સુધી આપણે શકુનિની કપટી પ્રપંચી તરીકેની જ છાપ જોઈ. હવે જેમ સિક્કાને બે બાજુ હોય છે એમ ચાલો શકુનિની ઊજળી બાજુ આપણે જોઈએ. જો શકુનિ ન હોત તો કૌરવો પાંડવો વચ્ચે જુગટું ન રમાયું હોત. દ્રૌપદી વસ્ત્રાહરણ ન થયું હોત. અને આ કુરુક્ષેત્રની લડાઈ જ ન થઈ હોત અને જો લડાઈ ન થઈ હોત તો રણક્ષેત્રે શ્રી કૃષ્ણ દ્વારા ગાયેલી ભગવદ્ગીતા જેવું મહાકાવ્ય આપણને ક્યાંથી મળત? જે આજના યુગમાં પણ ગવાય છે સંભળાય છે અને કોઈ માનશે? શકુનિની યાદમીં કેરાળમાં કોલમ ડીસ્ટ્રિક્ટમાં પ્રવિથેશ્વરમ્ નામનુ મંદિર બંધાયું છે. શકુનિનો મુગટ પણ આ મંદિરમાં જોવા મળે છે. કોઈપણ જાતની પૂજા કે તાંત્રિક વિદ્યા અહીં થતી નથી. મંદિરની સંભાળ કુરુવાર પ્રજા લે છે. કહેવાય છે કે જ્યારે શકુનિ કૌરવો સાથે બધે ભ્રમણ કરતો હતો અને જ્યારે આ જગ્યાએ પહોંચ્યા ત્યારે કૌરવોએ પોતાનાં હથિયારોની વહેંચણી કરી. ત્યારથી આ જગ્યા પુરૂથેશ્વરમ્ અથવા પ્રવિથેશ્વરમ્ તરીકે જાણીતી છે. કુરૂવાર પ્રજાનું માનવું હતું કે લડાઈ પછી શકુનિ અહીં આવે અને ભગવાન શંકરના આશીર્વાદથી મોક્ષ પામે.

આપણો હિંદુ ધર્મ ગુનાઓ જોવા કરતાં સદ્ગુણોને વધુ જુએ. એ તામસી પ્રકૃતિનો હોવા છતાં એનામાં સાત્વિક તત્વો પણ હતાં. આ મંદિરમા દેવી ભુવનેશ્વરી, કિરાથા મૂર્તિ તેમજ નાગરાજા પણ છે. મંદિરનો તહેવાર માલાકુડા તરીકે જાણીતો છે. એમાં પ્રસાદી તરીકે તાજા નાળિયેરનું પાણી લેવાય છે. મંદિરની સારસંભાળ કુરાવર જાતિના લોકો લે છે અને આ મહોત્સવ મલયાલીના કેલેન્ડર પ્રમાણે મકારમ મહિનામાં ઉજવાય છે. શકુનિના મંદિર પાસે દુર્યોધનનું પણ મંદિર છે.

ઈતિ...અસ્તુ

વિશાખા આર. પોટા

(વડોદરા)

# સજા

આ સામાન્ય રીતે કરવામાં આવતી સજાની વાત નથી. વાત છે, એક પ્રાધ્યાપકે વિદ્યાર્થીને કરેલી સજાની. મહત્વ એટલા માટે કે સજાનો પ્રકાર અલગ અને વિચારવા યોગ્ય છે. અમારા પિતાશ્રી ઘણીવાર આ વાત કરતા, જે તેમના જ શબ્દોમાં પ્રસ્તુત છે.

અમારા પહેલા વર્ષના અંગ્રેજીના પ્રોફેસર, ફાધર ડિવાઈન અમને હસતા ચહેરે અંગ્રેજી શીખવી રહ્યા હતા. પહેલો જ કલાક હતો. મારી બાજુમાં બેઠેલ સાથીદારે કંઈક એવું કહ્યું કે મને ખડખડાટ દાંત આવી ગયા. વર્ગના કાર્યને ખલેલ પહોંચેજ. ફાધર ડિવાઈનની મુખમુદ્રા ગંભીર બની ગઈ, મારી સામે તાકી રહ્યા, હું નીચું જોઈ રહ્યો. 'આ કલાકને અંતે મને મળજો' એમ કહી એમણે તો પાછું મૂળ પ્રવાહમાં આવી શીખવવા માંડ્યું.

વર્ગ પૂરો થતાં, તેઓ મોટી લાંબી પરસાળમાં આગળ ચાલવા લાગ્યા અને મને પાછળ આવવા કહ્યું. પરસાળ પણ સાઠ કે સિત્તેર વાર લાંબી હશે. બીજા એક બે વિદ્યાર્થી સાથે વાતો કરતા જાય અને બે ત્રણ પળે મારા તરફ દ્રષ્ટિ ફેંકતા જાય. મને બીજી તો બીક ન હતી પણ મને મળતી રાજ્યની સ્કોલરશિપ માટેનું માસિક સર્ટિફિકેટ ગેરવર્તણૂકના આધારે કદાચ બંધ કરી દે એવો ડર મારા મનમાં હતો. ધડકતે દિલે એ સિત્તેર વાર માંડ પૂરા કર્યા. પણ તે તો પ્રિન્સિપાલની ઓફિસ તરફ વળવાને બદલે ત્રીજા માળ ઉપર જવાની સીડી ઉપર ચઢયા. મને પણ પાછળ આવવા ઈશારત કરી. હું તો વધારે મૂંઝાયો. કપાળ પર પરસેવો આવ્યો. મને થયું ભવિષ્યમાં તોફાન નહીં કરવા બાબત કંઈ લખાવી લેશે. ત્યાં તો તેમની ચેમ્બર પાસે આવી લાગ્યા. તેમના મુખ પરની કડકાઈ મૂંઝવતી હતી. બારણાં ઊઘડ્યાં. અંદર પેસતાં જ તેઓ એકદમ પાછા ફર્યા. તેમના મુખ ઊપરની કડકાઈ જાણે વીજળીની માફક અદ્રશ્ય થઈ હોય તેમ હાસ્યસ્ફુરિત ચહેરે તેઓ બોલી ઊઠયા : "Well my boy, why did you laugh so loud?"

હું તો આ ફેરફારનો અર્થ સમજી ન શક્યો, અને ધ્રુજતે સાદે કહી દીધું કે સાહેબ, હું દિલગીર છું. મારો આશય વર્ગને ખલેલ પહોંચાડવાનો ન હતો. બહુ સારું! તો જાઓ. ફરીવાર એવું ન થાય તે ધ્યાનમાં રાખજો. પળ બે પળ હું થંભી ગયો. તેઓ મારા સામે જોઈ રહ્યા. ક્ષણ બે ક્ષણ વીતી ગઈ. તેમનું સ્મિત જોઈ મેં હિમ્મત કરી, પણ સાહેબ, આપે મને આ વર્ગ પાસે જ કહ્યું હોત તો ? તેઓ સહેજ હસ્યા, ભાઈ જ્યારે હું બરાબર સમજાવવામાં મશગૂલ હતો ત્યારે તમારા હાસ્યે મારા દિલ પર કેવો આઘાત કર્યો હશે, તેનો ખ્યાલ કર્યો ? મારી લાગણી કેટલી દુભાઈ હશે તેની કંઈ કલ્પના કરી શકો છો ?

"હાજી, અને એ માટેજ હું દિલગીર છું". મેં કહ્યું.

તો પછી આ ચાર પાંચ મિનિટમાં તમારી લાગણીઓની શી સ્થિતિ હતી તે કહેશો ? તમને ખ્યાલ આવ્યો જ હશે કે કોઈની લાગણી દુભાવવી એટલે શું ? તમોએ મને જે માનસિક

દુ:ખ પહોંચાડયું તેની સજા તમારા માનસિક ગભરાટ રૂપે તમને થઈ ચૂકી. એ વસ્તુનો તમને બરાબર ખ્યાલ આવે માટે મારે આમ કરવું પડ્યું.

સભર હૈયે અને ધીરે પગલે તેમની શિક્ષક તરીકેની ઉચ્ચતાના વિચાર કરતો હું તેમની ચેમ્બરમાંથી બહાર આવ્યો. શિક્ષક અથવા મા-બાપે કરેલી સજા જગતની અન્ય સજાઓથી અવશ્ય ઊંચી કોટિની હોવી જોઈએ, અને તે પણ તટસ્થ અને વૈરભાવ વિનાની, એમાં કોઈ પૂર્વગ્રહ પણ ન હોવો જોઈએ તો તેનું ધાર્યું પરિણામ નીપજે.

એ વખતના અધ્યાપકોની ખેલદિલીનો એક બીજો દાખલો. પિતાશ્રીને અંગ્રેજી ભાષા ઉપરના પ્રભુત્વનો ખૂબજ ગર્વ હતો એટલે નીચે જણાવેલ પ્રસંગની વાત ઘણીવાર કહેતા.

વિલ્સન કોલેજના અંગ્રેજીના અધ્યાપક જર્મન કવિ "Goethe" ની કવિતા સમજાવતી વખતે કવિના નામનો ઉચ્ચાર તેમણે ગીટે કર્યો. એટલે ઊભા થઈ સાચો ઉચ્ચાર ગટે છે તેમ કહ્યું. અધ્યાપકે જવાબ આપ્યો કે 'Pronunciation' accepted by London University ગીટે and not ગટે as you say Mr. Hathi. So please sit down. પિરિયડ પૂરો થતાં તેમણે ખભે હાથ મૂકીને કહ્યું કે મિસ્ટર હાથી. Pronunciation ગટે expressed by you is correct. (સ્વ. શ્રી.વી.ડી. હાથીની સ્મૃતિગાથા 'ગૌરવનું ગુરૂશિખરે' માં થી)

શ્રી જયંત હાથી

# નવા પૉશ ફ્લેટનું સ્વપ્ન

પરસેવે રેબઝેબ થઈને એ આવ્યા. હાંફતાં હાંફતાં ખુરશીમાં બેસી એમણે પત્નીને પાણી આપવા ઈશારો કર્યો. ખોડંગાતી આવેલી પત્નીએ પાણીનો ગ્લાસ ધર્યો. થોડીવારે સ્વસ્થ થઈ પતિએ કહ્યું: મને દાળમાં કંઈ કાળું લાગે છે. બિલ્ડર કંઈ ચોખવટ કરતો નથી પણ એના મનમાં પાપ છે એ નક્કી...

છેલ્લા લગભગ છ મહિનાથી વૃદ્ધાશ્રમમાં રહેતાં આ વયોવૃદ્ધ દંપતીના ચહેરાઓ પર ડોકાતાં ચિંતાનાં વાદળો કંઈ અમસ્તાં નહોતાં. શિથિલ ગાત્રો, નિસ્તેજ થવા માંડેલી આંખો અને એનાથીય વધુ એકના એક પુત્ર દ્વારા કરાતું દુર્લક્ષ તથા તૂટી રહેલી હામ એમના ચહેરાઓ પર નિરાશાનો માળો બાંધી બેઠી હતી. વાત મુંબઈની છે, એક ગુજરાતી પરિવારની. આ મધ્યમવર્ગીય કુટુંબ પરાવિસ્તારની એક ચાલીમાં રહેતું. સામાન્ય નોકરી કરતા પિતાએ એકના એક દીકરાને ભણાવવામાં કોઈ ક્યાશ ના રાખી. એને પહેલી નોકરી મળી ત્યારે મા-બાને થયું કે હવે ચાલીનો આ સાંકડો ઓરડો મઘમઘતો બગીચો બનશે. એક પછી એક સારી તકો ઝડપી દીકરો એક મલ્ટિનેશનલ કંપનીમાં જોડાયો એટલે જ્ઞાતિની એક સુશીલ કન્યા સાથે એનાં લગ્ન લેવાયાં.

આખી ચાલી ખરીદી લઈ ત્યાં વિશાળ ઈમારત બાંધવાની યોજના માટે તમામ રહીશોને મનાવવાનો પ્રયાસ કરી રહેલા એક બિલ્ડરે સૌને તેમની જગ્યા જેટલી કદના ફ્લેટ આપવાની દરખાસ્ત મુકી હતી. આથી આખી જિંદગી જ્યાં કાઢી ત્યાં જ થોડા વધુ પૈસા ચૂકવીને એકાદ રૂમ વધારે લેવાનો ઈરાદો આ કુટુંબનો હતો, પણ ત્યાં એક અણધાર્યો વળાંક આવ્યો. દીકરાને બેંગલોર ખાતે એક જાણીતી કંપનીમાં આકર્ષક નોકરી મળી. યુવાન વયે પ્રગતિના દરવાજા ખૂલી રહ્યા હોય તો એવી તક જતી ન કરાય એવી લાગણી સાથે મા-બાપે એને વિદાય કર્યો.

બિલ્ડર સાથે અગત્યની બેઠક હોય ત્યારે દીકરો બેંગલોરથી આવતો અને વાટાઘાટનાં તમામ સૂત્રો એ જ સંભાળતો. ચાલીના તમામ લોકો સાથે બિલ્ડરનું એગ્રીમેન્ટ થયું ત્યારે પણ બેંગલોરથી આવેલા દીકરાએ પિતાજી સાથે જઈ સંબંધિત કાગળો પર હસ્તાક્ષર કરાવી આપ્યા. એકાદ વર્ષમાં તેમને બે રૂમ-કિચનનો ફ્લેટ મળી જશે એમ જણાવાયું હતું. એ સમય દરમિયાન મા-બાપ પોતાની સાથે બેંગલોર આવીને રહે એવો દીકરાનો આગ્રહ હતો. પરંતુ વહુ-દીકરો બન્ને નોકરી કરવા જાય ત્યારે અજાણ્યા શહેરમાં આખો દિવસ અમે શું કરીએ એવા મા-બાપના પ્રશ્ન સામે દીકરાની જીદ હારી અને વૃદ્ધ વયે તેમની બધી સંભાળ રખાય અને જરૂર પડે સારવાર પણ કરાવાય એવું વિચારી એક વૃદ્ધાશ્રમમાં તેમને રાખવાનું બંને પક્ષે સ્વીકારાયું.

ઘર જેવી તમામ પ્રાથમિક સગવડો અને સમવયસ્કોના સાંનિધ્ય સાથે પ્રમાણમાં

સારા કહેવાય એવા એ વૃદ્ધાશ્રમમાં મા-બાપે એમની જિંદગીનો અંતિમ પડાવ નાખ્યો. લગભગ એકાદ વર્ષ થવા આવ્યું. સાંજે ચાલવા જતી વખતે જૂની ચાલીની જગ્યાએ ઝડપભેર ઊભી થઈ રહેલી વિશાળ ઈમારતને જોઈને તેઓ બંને ખૂબ ખુશ થતાં. ક્યારેક એ અંદર જઈ લટાર પણ મારી આવતાં અને પોતાને ભાગે કયો ફ્લેટ આવશે એનો આશરો બાંધતાં ત્યારે એમના ચહેરા પર સંતોષની એક આભા ઝળકી જતી. જેમ જેમ ઈમારતનું બાંધકામ પૂરું થવા આવ્યું તેમ તેમ વૃદ્ધાશ્રમના લાચાર જીવનનો અંત નજીક દેખાવા માંડ્યો. વૃદ્ધ દંપતી પાછલા જીવનમાં ભોગવવા મળનારું નવા ઘરનું સુખ મનમાં ને મનમાં માણી રહ્યાં હતાં. જ્યારે એકાદ બે પડોશી પોતાના મૂળ સ્થાને રહેવા ગયાનું જાણ્યું ત્યારે તો એમને એ સુખ હવે માત્ર એકાદ વેંત છેટું હોય એમ જ લાગવા માંડયું.

બીજે દિવસે સવારે જ તેઓ સ્થળ પર પહોંચી ગયાં. બિલ્ડરે માનપૂર્વક બેસાડયાં. હજુ કેટલુંક કામ બાકી હોવાનું અને બે-ત્રણ મહિનાની વાર થશે એમ જણાવી એમને રવાના કર્યા. એમણે રાત્રે દીકરાને બેંગલોર ફોન કરીને સવિસ્તર માહિતી આપી. દીકરાને કહ્યું કે, તમે શું કામ ત્યાં જવાની તકલીફ લો છો... હું બિલ્ડરના સંપર્કમાં છું. તમે ચિંતા ન કરો. દીકરાની મનાઈ છતાં પિતા એક-બે વાર બિલ્ડરને મળી આવ્યા, પણ બિલ્ડરના બદલાયેલા વલણ અને વર્તનથી એમને શંકા જાગી. આ વાત પિતાએ દીકરાને કહેવાનું ટાળ્યું. વૃદ્ધ પત્નીના અનેક પ્રશ્નોનો એમણે ગોળગોળ જવાબ આપ્યો, પણ મનમાં ઉચાટ થતો હતો. થોડા દિવસ તો જેમતેમ કરીને એમણે કાઢયા. પછી એકવાર હિંમત કરીને પાછા બિલ્ડરને મળવા ગયા. આ વખતે તો એણે જાણે ઓળખતો જ નથી એવું વર્તન કર્યું. અમારા ફ્લેટનું પઝેશન ક્યારે આપશો એવા પ્રશ્નના જવાબમાં બિલ્ડર સહેજ તુચ્છકારભર્યું હસ્યો અને કહ્યું: એ મને નહીં. તમારા દીકરાને પૂછો... આટલું બોલીને બિલ્ડર ગાડીમાં બેસી રવાના થઈ ગયો. મન મક્કમ કરી એમણે રાત્રે દીકરાને ફોન કર્યો. એણે કહ્યું કે હું એકાદ સપ્તાહ મદ્રાસ છું. પછી કદાચ એકાદ સપ્તાહ માટે ઓફિસના કામે વિદેશ પણ જવાનું થશે. હું સમય કાઢીને રૂબરૂ આવી જઈશ. દીકરાની ઉપરવટ જઈ બિલ્ડરના તુચ્છકારભર્યા હાસ્યનું કારણ જાણવા એ ફરી એક દિવસ બિલ્ડર પાસે પહોંચી ગયા. બિલ્ડરે કહ્યું કે ગયા સપ્તાહ માં જ તમારો દીકરો આવીને મને મળી ગયો છે. એ ફરી આવવાનો છે.. શું થાય છે તે જોઈએ...પછી વાત...

બિલ્ડરના ઉડાઉ જવાબ કરતાં દીકરો મુંબઈ આવીને મળ્યા વગર જ પાછો જતો રહ્યો એનો એમને વધારે આઘાત લાગ્યો, પણ પાછા આવી એમણે પત્નીથી આ વાત છુપાવી અને કહ્યું કે, મને દાળમાં કાંઈ કાળું લાગે છે... બિલ્ડર કાંઈ ચોખવટ કરતો નથી પણ એના મનમાં પાપ છે એ નક્કી... થોડા દિવસ ઉચાટમાં જેમતેમ કાઢયા. બે-ત્રણ દિવસ પછી દીકરાનો ફોન આવ્યો... પિતાએ એને પૂછી જ લીધું કે, તું થોડા દિવસ પહેલાં જ બિલ્ડરને મળવા આવ્યો તો અમને કેમ મળવા ન આવ્યો? પ્રશ્ન સાંભળી સહેજ છોભીલા પડેલા

દીકરાએ એમને પૂછ્યું કે, તમને બિલ્ડરે કહ્યું કે હું આવ્યો હતો...પિતાએ હા કહેતાં જ દીકરાથી બોલી જવાયું કે હું તમારા માતા-પિતાને આ વાત નહીં કરું એવું એણે મને વચન આપ્યું હતું. તો પણ એણે..હવે પિતાને ખરેખર આઘાત લાગ્યો. એમણે સહેજ કડકાઈથી દીકરાને પૂછ્યું કે..કંઈ વાત.. શું અમને નહીં કહેવા તેં એની પાસે વચન લીધું હતું. દીકરો થોથવાયો. એણે કહ્યું કે હું આવીને તમને બધું સમજાવીશ...થોડા દિવસ થોભી જાવ..ફોન પર વાત થાય એમ નથી.

પિતાએ આખી રાત પડખાં ઘસીને કાઢી. સવારે ઊઠીને એ સીધા બિલ્ડર પાસે પહોંચ્યા. થોડી રકઝક પછી બિલ્ડરે જે કહ્યું એનાથી પિતાના પગ તળેથી ઘડીભર તો ધરતી સરકી ગઈ. બિલ્ડરે કહ્યું કે તમારા દીકરાને મેં ખૂબ મોટી રકમની ઓફર કરી ફ્લેટ પરનો હક્ક જતો કરવા કહ્યું. થોડા દિવસ પહેલાં જ એ આવીને તમારી સહી કરેલા બધા કાગળો આપી ગયો અને પૈસા લઈ ગયો, પણ મેં તો એક પણ કાગળ પર સહી કરી નથી એમ પિતાએ જણાવતાં જ એણે કહ્યું કે મારી સાથે જે દિવસે નવો ફ્લેટ આપવાનું એગ્રીમેન્ટ થયું એના કાગળો પર તમારી સહીઓ લીધી તે દિવસે જ તમારા દીકરાએ હક્ક જતો કરવાના કાગળો પર પણ સહી લઈ રાખી હતી. એણે કહ્યું કે બેંગલોરમાં ૪૦-૫૦ હજાર ભાડું ભરીને રહેવાનું પોષાતું નથી એટલે હું ત્યાં એક નાનકડો ફ્લેટ ખરીદવા માગું છું. એટલે આ ફ્લેટ વેચવો જરૂરી છે, પણ તમે માતા-પિતાને આ વાત હમણાં જણાવશો નહીં. હું જ એમને સમજાવીશ. મને ખાતરી છે કે એમને મારો આ નિર્ણય યોગ્ય જ લાગશે.

લગભગ ભાંગી પડેલા પિતા વૃદ્ધાશ્રમ પર આવીને રીતસર રડી પડયા. પત્નીને જ્યારે આખી વાતની જાણ થઈ ત્યારે એને તો રીતસર ચક્કર આવી ગયાં. નવા ફ્લેટમાં રહેવા જવાનાં તૂટી ગયેલાં સ્વપ્નોની તીક્ષ્ણ કરચો વાગવાથી પિડાઈ રહેલાં મા-બાપ દીકરો રૂબરૂ આવીને પોતે આખી વાત કહે એવી પણ અપેક્ષા હવે એની પાસે નથી રાખતાં.

ડૉ. મિહિર વોરા
વાર્તા સ્પર્ધા - પ્રથમ ઈનામ
તૃતીય વય ગ્રુપ
(૩૬ થી ૫૦ વર્ષ)

## ૠણાનુબંધ પણ

વસ્ત્ર ભીનાં, વાન ભીનો ને ભીની સુગંધ પણ,
સૂર્ય ડૂબ્યો, સાંજ ખીલી ને બની નિર્બંધ પણ.
ખૂબ લીલોછમ રહ્યો છે, શબ્દનો સંબંધ પણ,
એક સરવાણી ફૂટી ને એ રહી અકબંધ પણ
સાત કોઠા વીંધવા જેવું એ કપરું કામ છે,
પણ થયો છે, આવ-જાનો આગવો સંબંધ પણ.
કોણ બીજું તો ઊંચકશે આપણી આ પાલખી ?
છે ચરણ પણ આપણાં ને આપણા જ સ્કંધ પણ!
એક ડાળે ચાંચ પ્રોઈ બેસવું, ઊડી જવું ને ઝૂરવું,
એ નથી સંજોગ, કેવળ છે ૠણાનુબંધ પણ.

શ્રી પ્રફુલ્લ નાણાવટી

## રહેવા દે

દુન્યવી દેખાવ રહેવા દે
હોય જો સદ્‌ભાવ, રહેવા દે
પાંગળો પ્રસ્તાવ રહેવા દે
ઠોઠને શરપાવ રહેવા દે
દુશ્મનની શાન જાળવવા,
પીઠ પાછળ ઘાવ રહેવા દે
એમ ના સંકેલ તું બાજી,
એક બાકી દાવ રહેવા દે
જીરવી લે તું જમાનાને,
કોઈ સામે રાવ રહેવા દે

શ્રી પ્રફુલ્લ નાણાવટી

# માઁ, તુઝે સલામ

**કુદરત ને ખજાનામાંથી**
**મોતી મળી ગયું,**
**આગળ જતાં એ**
**જ્યોત્સનાબેન અંતાણી બની ગયું**

૭૪ વર્ષની વૈવિધ્ય સભર જિંદગીનું બીજું નામ છે. JYOTSNA ANTANI.

જ્યારે આ જાજરમાન મા ને મળવાનો મોકો મને પ્રાપ્ત થયો, ત્યારે જરા પણ ખ્યાલ ન હતો કે, મારી મુલાકાત એક એવી સંપન્ન મા સાથે બની છે, જે સર્વ રીતે સંપન્ન છે. મારા પોતાનાં મા પણ લગ્ન પહેલાં જ્યોત્સના અંતાણી જ નામ ધરાવતાં હતાં. જ્યારે આપણા આ જ્યોત્સનાબેન અંતાણીને મળ્યો, I FELT I WAS IMMEDIATELY IN TOUCH WITH MY ROOTS.

જ્યોત્સનાબેનની મોટી સિધ્ધિ એ રહી છે કે તેઓ ઊલટું બોલવામાં માહિર છે. પ્રસ્તુત છે તેમની સાથેની રસપ્રદ લાગણીશીલ મુલાકાતના અંશો.

**૧) જ્યોત્સનાબેન ઊલટું બોલવાની પ્રેરણા ક્યારે અને કેવી રીતે થઈ ?**

**જ્યોત્સનાબેન :** હું જામનગરમાં પપ્પા-મમ્મી સાથે હતી અને ત્યારે મારી વય ૬/૭ વર્ષની. પપ્પા જોડે ગાડીમાં સ્કૂલે જતી ત્યારે દુકાનો, ઘર અને બીજાં લખાણોને ઉલ્ટા વાંચવાની કોશિશ કરતી. ધીરે ધીરે ફાવટ આવતી ગઈ. મારા પિતા શંકરલાલ માંકડ તે વખતના ગુજરાતના પ્રધાન ઢેબરભાઈના સેક્રેટરી હતા અને એ પહેલાં જામનગરના જામસાહેબ પાસે કામ કરતા. તે વખતે મસ્તીમાં આવું કરતી એટલે આ વિશેષતા, કદાચ જન્મથી મળી છે અને સહજ આનંદ ખાતર સગા અને મિત્રોમાં વહેંચવા આવી છું.

**૨) આપ મુંબઈ ક્યારે આવ્યાં ?**

**જ્યોત્સનાબેન :** મારા પતિ ડૉ. ધનવંતરાય અંતાણી નાયર અને નાણાવટી હોસ્પિટલમાં પેથોલોજીસ્ટ હતા અને જ્યારે રેક્ટર હતા, ત્યારે હોસ્ટેલમાં રહેવાનું થયું. ત્યારે વિદ્યાર્થીઓ મારી પાસે આવતાં કોઈ વાક્ય ઊંધું લખી રાખે અને પછી મારી પાસે ઊલટું બોલાવે, આ રોજની ગમ્મત હતી.

**૩) આપ જેવી વ્યક્તિને ડિગ્રી વગેરે પૂછવું અસ્થાને છે, પરંતુ આપે જામનગર થી બી.એ. અને અલિયાબાડા થી એમ.એ. વિથ સંસ્કૃત ની પદવી મેળવેલ છે, છતાં આપે ઊલટુ બોલવાની ટેવ ચાલુ રાખી ?**

**જ્યોત્સનાબેન :** THIS IS MY PASSION જેમ સચિન તેંડુલકરે ક્રિકેટમાં અને લતા મંગેશકરે સંગીતમાં પ્રભુત્વ મેળવ્યું છે, તેમ મને પ્રભુએ આમાં પ્રભુત્વ આપ્યું છે.

હા-હું કોઈપણ દેવ-દેવીઓનાં નામ ઊલટાં નથી બોલતી.

**૪) આ પ્રભુત્વને લીધે કોઈવાર તકલીફ ?**

**જ્યોત્સનાબેન :** જરા પણ નહીં. આ પ્રભુત્વે મને ઘણા AWARDS અપાવ્યા છે. BBC મારો ઈન્ટરવ્યુ લેવા મુંબઈ આવ્યા ત્યારે તેઓ ચોંકી ગયા, અને કહ્યું કે ભારત સરકારે તેમની ભાષા

CODE LANGUAGES તરીકે વાપરવી. એક ફ્રેંચ જર્નાલિસ્ટે મારો ઇંટરવ્યુ લીધો, અને મને TWINKLE TWINKLE LITTLE STAR અને JACK & JILL કવિતાઓ ઊંધી બોલાવી. ત્યારબાદ મારી કવિતાઓમાં MUSIC નો ઉમેરો કર્યો અને આજે પણ ત્યાં BROADCAST થાય છે.

છેલ્લાં ૨૫ વર્ષમાં 'સન્ડે ટાઇમ્સ'માં મારો SOLO INTERVIEW થયો છે.

GUINNESS BOOK & LIMCA BOOK OF RECORDS માં મારી ENTRY PENDING છે, કારણ તેઓ CHALLENGER ની પ્રતીક્ષા કરી રહ્યા છે.

**૫) આપના કોઈ ગુરુ ?**

**જ્યોત્સનાબેન :** ઈલ્મ ઔર ઇશ્ક મેં અપને આપકો સાબિત કરના પડતા હૈ.

(KNOWLEDGE & LOVE) મારા પ્રભુ એજ મારા ગુરુ

**૬) આપના બીજા શોખ ?**

**જ્યોત્સનાબેન :** સંગીત, વાંચન અને લખવાનો. રાગ દુર્ગા મારો પ્રિય રાગ, લખવાનો પણ શોખ અને મારાં પુસ્તકો પણ પ્રકાશિત થયા છે.

પ્રશ્નાંજલિ (શંકર ભગવાન અને માતાજીના ગરબા)

પ્રશ્નાંજલિ : ૨ (કૃષ્ણભજનો)

નુપૂર નૈવેદ્ય

હિન્દી રચનાઓમાં

સાંઈ જ્યોત

રામધન (રામભજન)

તુલસીમાળા (ભગવદ્ ગીતાના ૧૮ અધ્યાય પરથી ભજન લખ્યાં છે.)

આંખોમાં અને ચહેરા પર ચમક જુઓ તો આશ્ચર્ય થાય. એકદમ નિખાલસ અને નિર્દોષ સ્વભાવનાં છે, મા જ્યોત્સનાબેન.

કહે છે GROWING OLD IS MANDATORY GROWING UP IS OPTIONAL જ્યોત્સનાબેન HAS JUST GROWN-UP SHE BELIEVES AGE IS JUST A STATE OF MIND.

અંતમાં નજર નજર સે ગુજરના કમાલ હોતા હૈ
હર એક દિલ મેં ઉતરના કમાલ હોતા હૈ
બુલંદિયોં પર પહોંચના અલગ હૈ બાત
મગર બુલંદિયોં પર ઠહરના કમાલ હોતા હૈં.

જ્યોત્સનાબેન ને મેં કહ્યું "**જોવઆ**"

માઁ તુઝે સલામ — શ્રી ભદ્રાયુ વૈષ્ણવ

# નવયુગની નારી

હા, તો વાત છે મારી નવા જમાનાની નવોન્મેષ નારીની જેણે સ્વતંત્રતા મેળવી લીધી છે. પુરુષ સમોવડી બની સમાનતા મેળવી લીધી છે. એ જમાનો ગયો જ્યારે સ્ત્રીનું કાર્યક્ષેત્ર માત્ર ઘરગૃહસ્થી જ હતું. હવે તો બેંકમાં, ઓફિસમાં કે સ્કૂલ-કોલેજમાં જનહીં, કોર્પોરેટ જગતની કંપનીઓમાં અને એર-ફોર્સ કે પોલીસમાં પણ નારી નજરે પડે છે. (અલબત તેમ થવા છતાં તેનું રસોડાની રાણી તરીકેનું રાજ( !) ગયું નથી. કળા અને રાજનીતિના જંગમાં પણ તેણે ઝંપલાવ્યું જ છે ને ?

અને એટલે જ હવે નવા યુગની નારી ઘરની ચાર દીવાલમાં કેદ નથી-ઘરરખ્ખુ ગૃહિણી પણ ભણેલી ગણેલી છે, બેંકનાં કામ, પોસ્ટ ઓફિસનાં કામ કે ઇલેક્ટ્રીક બિલની ક્યુમાં ઊભી રહી શકે છે. સવારે દીકરાની સ્કૂલમાં પેરન્ટસ મીટિંગ એટેન્ડ કરે-સાંજે નણંદના દિયરના લગ્નમાં સાસુને સાથે લઈને જઈ શકે છે.

એમ કરો ત્યારે, 'બહુ દોડાદોડ પડતી હોય તો તારા માટે સ્કૂટી લઈએ. કહીએ તો ગોરી, કાઈનેટિક અપાવું'. સમભાવી પતિએ ઓફર કરી, વાજતે ગાજતે ગાડી (અલબત્ત બે પૈડાની) ઘેર આવી મારા માટે. જેનો ઉપયોગ કોઈ પણ સભ્ય કોઈપણ સમયે કરી શકે છે. મારે જોઈએ ત્યારે પેટ્રોલ ભરાવીને વાપરવાની. આખરે તો મારી જ છે ને ?

ક્યારેક તબિયત સારી ન હોય તો કંઈ વાંધો નહીં, જમવામાં કંઈક પણ લાઈટ ચાલશે. અલબત્ત બટાકા પૌંઆ જોઈ દીકરીનું મોઢું બગડશે અને સેન્ડવિચ જોઈ બાપનું. બીજું ગમે તે લાઈટ બનાવો. (પણ બનાવવાનું તારે જ છે) અરે છોડો, હોટલ જઈએ. દીકરો ઉવાચ-પણ મારા માટે ખીચડી હું જ બનાવી લઉં છું. એમ તો અમારા એ બહુ સારા. મહિને મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ અને રેસ્ટોરામાં ખાવાપીવા જઈએ. બાકીના ૨૯ દિવસ દરેકની ચોઈસના નાસ્તા, ભોજન, પીણાં હાજર રાખો.

અરે ચાહો તો નોકરી કરો. પતિદેવને કોઈ એતરાજ નથી. ઘરના કામનો થાક લઈ ઓફિસ જાઓ અને ઓફિસનાં કામનો બોજ લઈ પાછાં વળો. સાંજનું ભોજન તો શું પતિદેવની સાંજની ચા પણ તમે જ બનાવો, મન પડે તો લેડીઝ ક્લબનાં મેમ્બર થાવ, કિટી પાર્ટીમાં જાઓ, બ્યુટી પાર્લરનો ખર્ચ કરો (અલબત ઘરખર્ચનાં બજેટમાંથી જ) અરે અદમ્ય ઈચ્છા થઈ આવે તો નારીવાદી લેખ લખી કે કવિતા છપાવો પણ એ કવનને જીવન બનાવવાનો અધિકાર નથી તને, નવા જમાનાની નવોન્મેષા સ્વતંત્ર નારી !

શીતલ દેસાઈ





DROP

Book-Post

**FROM : SHREE VADNAGARA NAGAR MANDAL, MUMBAI**

C/o. Kamlesh S. Vohra, 1502, Tulsibaug Co.op.Hsg.Soc.,
Ramdas Sutrale Marg, Opp. ICICI Bank, Borivali (W), Mumbai - 400 092.
Email : vnmmumbai@yahoo.co.in • Web.: www.shrivadnagaranagar.org